॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

સત્સંગ શિક્ષણ શ્રેણીનું પાઠ્યપુસ્તક : ૧૧

# સત્સંગ વાચનમાળા

## ભાગ બીજો

**સંપાદક**

સાધુ ભગવત્પ્રિયદાસ

(વાચસ્પતિ)

**પ્રકાશક**

**સ્વામિનારાયણ અક્ષરપીઠ**

શાહીબાગ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

# કૃપાકથન

બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી યોગીજી મહારાજે સ્થાપેલી અને પોષેલી યુવકપ્રવૃત્તિ ઘણા વેગથી વિસ્તાર પામતી જાય છે. આ યુવકપ્રવૃત્તિમાં જોડાતા યુવકોની આકાંક્ષાઓ અને જ્ઞાનપિપાસાને સંતોષવા અને તેમને ભગવાન સ્વામિનારાયણે સ્થાપેલ અક્ષરપુરુષોત્તમના સિદ્ધાંત અભિમુખ કરવા બોચાસણવાસી શ્રી અક્ષર-પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાએ અભ્યાસક્રમ નિયત કરેલ છે તેની ક્રમબદ્ધ પુસ્તિકાઓના પ્રકાશનની યોજના સ્વામિનારાયણ અક્ષરપીઠે ઘડી છે.

આ પુસ્તિકાઓ દ્વારા પાઠશાળા ધોરણે સત્સંગનાં બાળકો તથા યુવકોને વ્યવસ્થિત એકધારું અને શુદ્ધ જ્ઞાન સરળ ભાષામાં આપવાનું વિચાર્યું છે. ભગવાન સ્વામિનારાયણે સ્થાપેલ આદર્શોના પાલન અને પ્રચાર માટે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સ્થાપેલ આ સંસ્થા, આ પ્રવૃત્તિ દ્વારા એ આદર્શોનો, સંપ્રદાયની એ ભવ્ય પ્રણાલીનો અને તે દ્વારા મહાન હિંદુ ધર્મની સંસ્કૃતિનો પ્રચાર કરશે.

સ્વામિનારાયણ ભગવાનનો એ દિવ્ય સંદેશ જગતને ખૂણે ખૂણે પહોંચાડવાની આ પ્રવૃત્તિની નેમ છે. જુદી જુદી ભાષાઓમાં આ પુસ્તિકાઓનું પ્રકાશન થાય તે માટે યોજના ઘડી છે. આશા છે કે સંપ્રદાયના અને સંપ્રદાયેતર સૌ ધર્મપ્રેમી મુમુક્ષુઓ આ પ્રવૃત્તિને આવકારશે અને તેમાં તન, મન અને ધનથી સંપૂર્ણ સહયોગ આપશે.

બાળકો તથા યુવકોને પ્રોત્સાહિત કરવા આ પુસ્તિકાઓને આધારે પરીક્ષાઓ લઈ તેમને પ્રમાણપત્રો આપવામાં આવશે. આ પુસ્તિકા તૈયાર કરવામાં ઈશ્વરચરણ સ્વામી, રમેશભાઈ દવે તથા કિશોરભાઈ દવે તથા જેમણે સહકાર આપ્યો છે તે સૌને રૂડા આશીર્વાદ છે.

વસંતપંચમી<br>
સંવત ૨૦૨૮<br>
અટલાદરા

**શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી(પ્રમુખસ્વામી મહારાજ)ના**<br>
ઘણા જ હેતપૂર્વક<br>
જય શ્રી સ્વામિનારાયણ

# નિવેદન

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામી કૃપા કરીને આ બ્રહ્માંડમાં પધાર્યા. સાથે પોતાનું અક્ષરધામ જે ગુણાતીતાનંદ સ્વામી તથા અક્ષરમુક્તો સદ્. ગોપાળાનંદ સ્વામી, સદ્. મુક્તાનંદ સ્વામી, સદ્. નિષ્કુળાનંદ સ્વામી, સદ્. નિત્યાનંદ સ્વામી તથા મુકુંદ બ્રહ્મચારી તથા દાદાખાચર, પર્વતભાઈ, લાડુબા, જીવુબા આદિને સાથે લાવ્યા. આ મહાસમર્થ મુક્તોનાં ચરિત્રો પણ અદ્ભુત છે. શ્રીજીમહારાજને વિષે એમની નિષ્ઠાભક્તિ પ્રેરણારૂપ છે. શ્રીજીમહારાજે સૌની સામર્થી દાબી રાખી હતી છતાં ક્યારેક ઝળકેલી સૌની વિશિષ્ટતાઓ પણ આશ્ચર્યકારક છે.

આ મુક્તોનાં ચરિત્રો ખૂબ જ પ્રેરણાદાયી હોવાથી ‘સત્સંગ વાચનમાળા’ની આ પુસ્તિકામાં સંકલિત કરેલાં છે. સાથે સાથે પરંપરામાં આવતા બીજા પણ અક્ષરમુક્તોનાં ચરિત્રો સમાવી લીધાં છે.

સત્સંગ શિક્ષણ પરીક્ષાના અભ્યાસક્રમના એક ભાગરૂપે આ પુસ્તિકાની રચના કરવામાં આવી છે. તૃતીય પરીક્ષા ‘સત્સંગ પરિચય’ માટેની આ પુસ્તિકા આપના હાથમાં મૂકતાં અમને આનંદ થાય છે.

સ્વામીશ્રીજી તથા પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજને રાજી કરવા સત્સંગી બાળકો, યુવાનો તથા જિજ્ઞાસુઓ આ અભ્યાસક્રમ તૈયાર કરી, સત્સંગની પરીક્ષાઓમાં ઉચ્ચ પ્રમાણપત્રો મેળવે એ જ અભ્યર્થના !

**- સંપાદક મંડળ**



±Üõ çú VäëÜíÞë Úëâà, Üßíåð_ VäëÜíÞõ ÜëÈõ,
±Üõ çú lí°ÖHëë ÝÕäÀ, áÎíåð_ lí°Þõ ÜëÈõ.

Þ×í ÍßÖë Þ×í ÀßÖë, ±Üëßë ½ÞÞí ÕßÄë,
±Üëßõ Íß Þ×í Àù´Þù, ±Üõ ÉLQÝë Èí±õ Üßäë.

±Üõ ±ë Ýië ±ëß_ÞÝû, ÚîáØëÞù ±Üõ Ø´åð_,
±Üëßë ±Zëß ÕÕ¼äùkëÜ, ÃÕHëëÖíÖ ÃëÞÞõ Ãë´åð_.

±Üõ çú lí°ÖHëë ÕÕhëù, ±Zëßõ äëç ±Üëßù Èõ,
VäÔÜa ÛVÜ Çùâí Öù, ±Üëßõ ZëùÛ åëÞù Èõ.

É\±ù çú ÜùÖíÞë VäëÜí, Þ ßëÂí Àë_´ Öõ Âëüí,
ÕpÃË ÕÕ¼äùkëÜ ÕëÜí, ÜÝÝë ÃÕHëëÖíÖ VäëÜí.

# અનુક્રમણિકા


| ક્રમ | ચરિત્ર | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | વિદ્યાવારિધિ સદ્. શ્રી નિત્યાનંદ સ્વામી | ૧ |
| ૨. | પ્રેમસખી પ્રેમાનંદ | ૯ |
| ૩. | મુકુંદાનંદ વર્ણી (મૂળજી બ્રહ્મચારી) | ૨૧ |
| ૪. | આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ | ૨૭ |
| ૫. | ભક્તરાજ દાદાખાચર | ૩૩ |
| ૬. | ભક્તરાજ લાડુબા | ૪૧ |
| ૭. | સ્વામી જાગા ભક્ત | ૪૭ |
| ૮. | શ્રી કૃષ્ણજી અદા | ૬૧ |



સદ્. નિત્યાનંદ સ્વામી

# વિદ્યાવારિધિ
# સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામી

લખનૌ પાસે દતિયા ગામ છે. ત્યાં વિષ્ણુ શર્મા નામના બ્રાહ્મણ રહેતા હતા. તેમની પત્નીનું નામ વિરજાદેવી હતું. આ પવિત્ર દંપતી ભગવાન-પરાયણ જીવન જીવતાં હતાં. ધર્મને અનુરૂપ આચરણથી તેમનો ગૃહસ્થાશ્રમ શોભતો હતો. પૂર્વના પુણ્યપ્રતાપે તેમને ગોવિંદ અને દિનમણિ નામના બે પુત્રો હતા.

દિનમણિનો જન્મ સંવત ૧૮૪૯, ચૈત્ર સુદ ૯ના શુભ દિને થયો હતો. બંને પુત્રોમાં દિનમણિ બાળપણથી જ ભણવા પ્રત્યે વિશેષ રુચિવાળા હતા. વિનય, વિવેક, આદિ ગુણોથી તેઓ સૌને વધુ પ્રિય લાગતા હતા. આઠ વર્ષના દિનમણિને પિતાએ શાસ્ત્રવિધિ પ્રમાણે યજ્ઞોપવીત આપી.

વિદ્યા પ્રાપ્ત કરવા દિનમણિ વિદ્વાનોથી શોભતી કાશી નગરીમાં આવ્યા. ત્યાં શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. પરંતુ આ શાસ્ત્ર-અભ્યાસની સાથે સાથે પૂર્વના સંસ્કારથી તેમને લાગ્યું કે 'કેવળ પુસ્તકનું જ્ઞાન વિવાદ માટે જ છે. પરમાત્માનો સાક્ષાત્કાર કરવા તો જ્ઞાનનો સાક્ષાત્ અનુભવ કરવો જોઈએ. અને તે માટે સત્પુરુષનો સમાગમ અત્યંત જરૂરી છે. પણ સત્પુરુષની પ્રાપ્તિ તો તીર્થસ્થાનોમાં થાય.' તેથી દિનમણિ તીર્થયાત્રા માટે નીકળી પડ્યા.

તે જુદાં જુદાં તીર્થોમાં ફર્યા, પણ પોતાના મનમાં સંત-સમાગમ અને પ્રગટ પ્રભુને પામવાની જે તીવ્ર ઇચ્છા હતી તે પૂરી ન થઈ. દિવસ જતા ગયા તેમ પોતે વધુ ઉદાસ રહેવા લાગ્યા. જગન્નાથપુરી, રામેશ્વર વગેરે પવિત્ર તીર્થોમાં સ્નાન કર્યું, મંદિરોનાં દર્શન કર્યાં, પરંતુ પોતાનું ધ્યેય – સત્પુરુષની પ્રાપ્તિનું સિદ્ધ ન થયું. છતાં તેઓ નિરાશ ન થયા. યાત્રા ચાલુ રાખી.

ફરતાં ફરતાં ગુજરાતમાં આવી તેમણે દ્વારિકા તીર્થની પણ યાત્રા કરી. દ્વારિકાથી પાછા ફરતાં તેઓ વિસનગર આવ્યા. અહીં તેમને શુભ સમાચાર મળ્યા કે 'ભગવાન સ્વામિનારાયણ પ્રગટ થયા છે. તે પોતાના પરમહંસો સાથે ગુજરાતમાં વિચરણ કરે છે અને હજારો મુમુક્ષુઓ એમના આશ્રિત થાય છે.'

આ સાંભળી દિનમણિના અંતરમાં અતિ આનંદ થયો. સ્વામિનારાયણ ભગવાન પાસે જલદી પહોંચી જવાની તેમને તાલાવેલી લાગી. એમના સમાચાર પૂછતાં પૂછતાં તેઓ ઊંઝા ગામે આવી પહોંચ્યા.

અહીં ગામ બહાર આવેલા વિશાળ સરોવરની પાસે ભક્તજનોની ભીડ જામી હતી. સંતમંડળની વચ્ચે એક ઊંચા મંચ ઉપર ભગવાન સ્વામિનારાયણ બિરાજ્યા હતા. તેમણે એ દર્શન કર્યાં અને દૂરથી થયેલાં આ દર્શનમાત્રથી તેમના અંતરમાં અપાર શાંતિનો અનુભવ થયો. જાણે પૂર્વની ઓળખાણ હોય એમ તેમનું હૃદય એ મૂર્તિમાં મળી ગયું. 'સાક્ષાત્ ભગવાનની પ્રાપ્તિ થઈ' એવી તેમને પ્રતીતિ થઈ. બાણમાંથી છૂટેલા તીરના વેગની જેમ દિનમણિ મહારાજ પાસે આવી પહોંચ્યા. મહારાજનાં ચરણોમાં પડી ગયા. તેમણે પ્રાર્થના કરી : 'હે પ્રભુ ! આપ જ મારું સર્વસ્વ છો. આપનો હું દાસ થવા ઇચ્છું છું. મને આપનાં ચરણોમાં સદાય રાખો.'

શરણાગતવત્સલ મહારાજ ઊભા થઈ દિનમણિને ભેટ્યા. આવા સદ્ગુણી ભક્તની તેજસ્વી મુખાકૃતિ ઉપર તરી આવતો વૈરાગ્ય જોઈને મહારાજે તેમનો સ્વીકાર કર્યો.

દિનમણિ થોડો સમય મહારાજ સાથે ફર્યા. પછી મેઘપુર ગામમાં મહારાજે તેમને ભાગવતી દીક્ષા આપી, તેમનું 'નિત્યાનંદ' એવું શુભ નામ રાખ્યું. તેઓ ખરેખર તેમના નામ પ્રમાણે જ 'ભગવાનના આનંદથી' હંમેશાં તૃપ્ત રહેતા. વેદાદિક શાસ્ત્રો તો તેઓ ભણી ચૂક્યા હતા; પરંતુ ન્યાય, મીમાંસા વગેરે દર્શનશાસ્ત્રોમાં પણ નિત્યાનંદ પારંગત થાય તે માટે મહારાજે તેમને એક મહાન પંડિત પાસે ભણવા મૂક્યા.

નિત્યાનંદ સ્વામીને વિદ્યાભ્યાસ એ ગમતો વિષય હતો. તેમની તીક્ષ્ણ બુદ્ધિ દર્શનશાસ્ત્રોના અધ્યયનથી પૂર્ણપણે ખીલી ઊઠી. વિદ્યાગુરુઓ પણ તેમની અપ્રતિમ પ્રતિભાથી આશ્ચર્ય પામી ગયા. થોડા જ સમયમાં મહારાજના વિદ્વાન પરમહંસોના મંડળમાં નિત્યાનંદ મુનિ વિદ્વત્તાથી અતિ માન્ય થયા. મહારાજે તેમની વિદ્વત્તાને અનુરૂપ યોગ્ય પદવી આપી. પરમહંસોમાં એક અગ્રગણ્ય સદ્ગુરુ તરીકે તેમને સ્થાપ્યા.

તે સમયમાં વડોદરાના મહારાજા સયાજીરાવની વિદ્વત્સભાના પંડિતો સ્વામિનારાયણ સંપ્રદાયનો ઉત્કર્ષ સહન ન કરી શકવાથી નિત્યાનંદ સ્વામી

સાથે શાસ્ત્રાર્થ કરવા તૈયાર થયા. નિત્યાનંદ સ્વામીએ શાસ્ત્રચર્ચાની શરૂઆતમાં જ તે પંડિતોએ રજૂ કરેલા પૂર્વપક્ષમાં જ શંકા કરીને તે વિદ્વાનોનો પૂર્વપક્ષ જ ખોટો કરી નાંખ્યો. આથી, વિદ્વાનો ભોંઠા પડી ગયા. આ સભામાં તેમણે 'સ્વામિનારાયણ સંપ્રદાય સનાતન અને વેદોક્ત છે અને સ્વામિ-નારાયણ ભગવાને આપેલું તત્ત્વજ્ઞાન સર્વશ્રેષ્ઠ છે' તે પ્રતિપાદન કરી આપ્યું.

એક વખત શ્રીજીમહારાજ, નિત્યાનંદ સ્વામી વગેરે સંતો સાથે જૂનાગઢ આવ્યા. અહીં નવાબના મહેલમાં વાજતે-ગાજતે મહારાજની પધરામણી થઈ. નવાબે ખૂબ જ ભાવથી મહારાજની પૂજા કરી. ત્યારે નરસિંહ પંડ્યા નામનો એક મૂર્ખ બ્રાહ્મણ શાસ્ત્રાર્થમાં મહારાજનો પરાજય કરવા દ્વેષથી ત્યાં આવ્યો. તેની સાથે ભળી ગયેલા ત્યાં બેઠેલા બીજા પણ કેટલાક દ્વેષી નાગર બ્રાહ્મણોએ નવાબને કહ્યું : 'આ નરસિહ પંડ્યા સ્વામિનારાયણ સાથે શાસ્ત્રચર્ચા કરવા ઈચ્છે છે.'

આ સાંભળી મહારાજે નવાબને કહ્યું : 'ચર્ચા થવા દો અને એમના બધા પ્રશ્નોના ઉત્તરો નિત્યાનંદ સ્વામી કરશે.' એમ કહી મહારાજ દરબારમાંથી નીકળી પોતાના ઉતારે પધાર્યા.

નરસિંહ પંડ્યાનો પ્રશ્ન એવો હતો કે 'ભગવાનના હસ્ત, મુખ કે મસ્તક વગેરે અંગને છોડીને એક ચરણારવિંદને જ નમસ્કાર કરવાનું કેમ કહ્યું છે ? અને તમે સ્વામિનારાયણને ભગવાન કેમ કહો છો ?'

તેના આવા સામાન્ય પ્રશ્નોના ઉત્તર આપતાં નિત્યાનંદ મુનિએ કહ્યું : 'ભગવાનનાં ચરણને નમસ્કાર કરવાથી ભગવાનને વિષે દાસત્વભક્તિ સિદ્ધ થાય છે, અને તે ઉત્તમ પ્રકારની ભક્તિ છે.'

ત્યારે તે મૂર્ખ પંડ્યો હસીને કહેવા લાગ્યો : 'ના, એમ નહિ. ભગવાનનાં ચરણ પવિત્ર છે અને તેમનાં બાકીનાં અંગોમાં માયા રહેલી છે. એટલે ચરણ પૂજાય છે.'

આ સાંભળી સભામાં બેઠેલા સૌ હસવા લાગ્યા. નવાબે કહ્યું : 'ખુદા તો સર્વે અંગે પાક-પવિત્ર છે.'

આમ, પંડ્યો ભોંઠો પડ્યો છતાં તેણે નિર્લજ્જ થઈને બીજો પ્રશ્ન પૂછ્યો : 'ભગવાન બનવું હોય તેણે પહેલાં પ્રસ્થાનત્રયી[1] ઉપર ટીકા લખવી જોઈએ.

૧. બ્રહ્મસૂત્ર, ઉપનિષદ અને ગીતા – આ ત્રણ ગ્રંથોને પ્રસ્થાનત્રયી કહેવાય છે.

અને કાશીના પંડિતો તે ટીકાને માન્ય કરે ત્યારે જ ભગવાન બનાય. આ સ્વામિનારાયણ ભગવાને આવી ટીકા રચી છે ?'

બીજો પ્રશ્ન પણ આવો બુદ્ધિ વગરનો સાંભળીને નિત્યાનંદ સ્વામીએ તેમને કહ્યું : 'આ સૂર્ય છે તેને લોકો સૂર્ય કહે તો જ તે સૂર્ય ? નહિ તો શું તે સૂર્ય નહિ ?'

નરસિંહ પંડ્યાની મૂર્ખતા જોઈ નવાબ બહુ જ ગુસ્સે થઈ ગયા અને તેને ત્યાંથી કાઢી મૂક્યો. બીજા પણ દ્વેષીઓ આથી પાછા પડ્યા. પછી નિત્યાનંદ સ્વામીએ ભગવાનના સ્વરૂપની, ભક્તિની, ઉપાસનાની વગેરે ઘણી વાતો નવાબને કરી. આથી, નવાબ બહુ ખુશ થયા.

આવી રીતે નિત્યાનંદ સ્વામીએ શ્રીજીમહારાજ સાથે રહીને શાસ્ત્રાર્થથી સંપ્રદાયની પ્રતિષ્ઠા વિદ્વાનોમાં ખૂબ વધારી હતી અને ઘણા મુમુક્ષુઓએ પોતાની જૂની માન્યતાઓ છોડીને શ્રીજીમહારાજનો આશ્રય કર્યો હતો. આથી જ, તેઓ ખરેખર વિદ્યાવારિધિ એટલે કે વિદ્યાના સાગર હતા.

શ્રીજીમહારાજના સ્વરૂપને વિષે નિત્યાનંદ સ્વામીને સર્વોપરીભાવની દૃઢ નિષ્ઠા હતી. ગઢડામાં જ્યારે સત્સંગિજીવન ગ્રંથ લખાતો હતો, ત્યારે મહારાજના સ્વરૂપ સંબંધી વાત નીકળી. ઘણા મોટેરા પરમહંસોએ મહારાજને રામ-કૃષ્ણ વગેરે અવતારો જેવા જ કલ્પ્યા હતા. તે વખતે નિત્યાનંદ સ્વામીએ કહ્યું : 'શ્રીજીમહારાજ તો સર્વ અવતારના અવતારી છે. સર્વ કારણના કારણ પરાત્પર સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છે. તેમને બીજા અવતાર જેવા કેમ કહેવાય ?'

આ પ્રસંગે સંતોમાં મોટો મતભેદ ઊભો થયો. સ્વયં શ્રીજીમહારાજ પણ નિત્યાનંદ સ્વામીના મતથી વિરુદ્ધ પડ્યા. મહારાજે તેમને ઘણું સમજાવ્યા છતાં નિત્યાનંદ સ્વામી તો પોતાના નિશ્ચયમાં પર્વતપ્રાય હતા, તે જરા પણ ડગ્યા નહિ. છેવટે તેમને દુરાગ્રહી કહીને શ્રીજીમહારાજે વિમુખ કર્યા.

નિત્યાનંદ સ્વામી તો સભામાં આવતા બંધ થયા. જમવા પણ ન જાય અને અખંડ ધ્યાન-ભજનમાં મસ્ત રહેવા લાગ્યા. આમ, સાત દિવસ ચાલ્યા ગયા. પછી આઠમે દિવસે શ્રીજીમહારાજે નિત્યાનંદ સ્વામીને સભામાં બોલાવ્યા અને તેમની પૂજા કરી પ્રસાદીનો હાર આપ્યો. સૌને ઘણું આશ્ચર્ય થયું. ત્યારે પરમહંસોને મહારાજે કહ્યું : 'આ નિત્યાનંદ સ્વામીની સમજણ

સાચી છે. ઉપાસક તો આવા હોવા જોઈએ. માટે તમારે સર્વેએ પણ આ પ્રમાણે જ અમારા સ્વરૂપની ઉપાસના કરવી.'

નિત્યાનંદ સ્વામી આવા ગંભીર અને શાંતમૂર્તિ હતા. સાથે સાથે રમૂજી પણ ઘણા હતા. શ્રીજીમહારાજ ફૂલદોલનો ઉત્સવ કરે, રંગે રમે, રાસ રમે ત્યારે નિત્યાનંદ સ્વામીને એક પક્ષના આગેવાન બનાવતા અને સ્વામી પણ ખૂબ જ આનંદ અને ઉત્સાહથી રમતમાં ભાગ લેતા.

શ્રીજીમહારાજ એક વખત માંદા હતા અને અક્ષર ઓરડીમાં બપોરે આરામ કરતા હતા. તે વખતે નિષ્કુળાનંદ સ્વામીને મહારાજે કહ્યું : 'ગાડું લાવો. આપણે સાલેમાળ પર્વત ઉપર તપ કરવા જવું છે.'

ત્યારે નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું : 'મહારાજ ! આપની તબિયત હમણાં નરમ છે. માટે આપ સાજા થઈ જાવ પછી આપણે જઈશું.'

તે સાંભળી મહારાજે હઠ લીધી અને બોલ્યા : 'અમારે તો હમણાં જ જવું છે.'

એટલે શુકમુનિ નિત્યાનંદ સ્વામી પાસે આવ્યા અને બધી વાત કરી.

પછી નિત્યાનંદ સ્વામી અક્ષર ઓરડીમાં આવ્યા અને ઢોલિયાના ચાર પાયા પાસે ચાર જણને ઊભા રાખી, ઢોલિયો ઊંચો-નીચો કરવા લાગ્યા. મહારાજ પોઢ્યા હતા તે એકદમ જાગી ગયા અને પૂછ્યું : 'અરે ! આ ઢોલિયો કેમ હલે છે ?'

'મહારાજ ! આ તો સાલેમાળ પર્વતનો રસ્તો એવો છે. ખાડા-ટેકરા આવે છે તેથી ઢોલિયો હલે છે.' નિત્યાનંદ સ્વામીએ ધીરે રહીને કહ્યું.

'આ ક્યાં સાલેમાળ છે. આ તો અક્ષર ઓરડી છે. ગપ્પાં શું મારો છો ?' મહારાજે કહ્યું.

ત્યારે નિત્યાનંદ સ્વામી બોલ્યા : 'મહારાજ ! તમે શું ગપ્પાં મારો છો. અત્યારે માંદા છો ને સાલેમાળ તે જવાતું હશે ?'

આવી રમૂજી વાણી સાંભળી મહારાજે પોતાનો આગ્રહ મૂકી દીધો અને કહ્યું : 'સારું, તમે જેમ રાજી થશો તેમ કરશું.'

પછી નિત્યાનંદ સ્વામી પાછા ઉતારે આવ્યા.

શ્રીજીમહારાજ સ્વધામ પધાર્યા પછી અમદાવાદમાં એક પ્રસંગ બન્યો. અમદાવાદમાં જુદા જુદા સંપ્રદાયના વિદ્વાનોએ મળીને નક્કી કર્યું કે સ્વામિ-

નારાયણના પંડિતોનો શાસ્ત્રાર્થમાં પરાજય કરવો.

નિત્યાનંદ સ્વામી તે વખતે વડોદરામાં હતા. સયાજીરાવ ગાયકવાડના વિદ્વાનો અમદાવાદની વિદ્વત્‌સભામાં ભાગ લેવા માટે સયાજીરાવની અનુમતિ લેવા ગયા, ત્યારે સયાજીરાવે તેમને કહ્યું : 'તે સભામાં નિત્યાનંદ મુનિ હશે તેનો ખ્યાલ કર્યો છે ?'

પંડિતોએ કહ્યું : 'આ સભામાં નિત્યાનંદ મુનિ આવવાના નથી, કારણ અમદાવાદના આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે વરતાલના કોઈ વિદ્વાનોને બોલાવ્યા નથી. પોતાના જ દેશના વિદ્વાન સંતોની તેમણે આ વિદ્વત્‌સભા યોજી છે. નિત્યાનંદ સ્વામી તો હાલ અહીં જ છે.'

વિચક્ષણ બુદ્ધિના ગાયકવાડ સરકાર આનો મર્મ સમજી ગયા. તેમણે વિદ્વાનોને રજા આપી, પણ કહ્યું : 'જો પરાજય પામીને આવશો તો તમારું વર્ષાસન બંધ કરી દઈશ.'

આ પછી તરત જ સયાજીરાવે સ્વામિનારાયણના મંદિરમાં નિત્યાનંદ સ્વામીને સંદેશો મોકલ્યો અને કહેવરાવ્યું કે 'તમે હાલ જ અમદાવાદ જાઓ. રાજ્યનું સિગરામ તે માટે મોકલું છું.'

પરંતુ વરતાલના આચાર્યની અનુમતિ સિવાય નિત્યાનંદ સ્વામીથી અમદાવાદની આ સભામાં જઈ શકાય એવું નહોતું. તેથી સયાજીરાવે વરતાલના આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ ઉપર, નિત્યાનંદ સ્વામીને તરત જ અમદાવાદ મોકલવા માટેનો વિનંતિ પત્ર લખ્યો. આચાર્ય મહારાજે તેમને તરત જ અમદાવાદ જવા આજ્ઞા આપી.

નિત્યાનંદ સ્વામી સાત ગાડાંમાં પુસ્તકો ભરી અમદાવાદ આવ્યા. તેઓ પોતે શરીરે બહુ સ્થૂળ હતા, એટલે એક ગાડામાં તો પોતે જ એકલા બેસતા. તેમના શિષ્યો પણ સાથે હતા.

અમદાવાદના વિદ્વાનોએ ધારેલું કે 'નિત્યાનંદ સ્વામી અહીં નહિ આવે, તેથી આપણે જરૂર જીતી જઈશું.' પણ સભામાં નિત્યાનંદ સ્વામીને જોયા તેથી બધા વિદ્વાનોના હોશકોશ ઊડી ગયા. શાસ્ત્રાર્થમાં જીતવાની આશા તેમણે છોડી દીધી. નિત્યાનંદ સ્વામીની આવી જબરજસ્ત પ્રતિભા હતી.

ત્યારપછી પંડિતોએ જે પ્રશ્નો પૂછ્યા તેના ઉત્તરો તો નિત્યાનંદ સ્વામીના શિષ્યગણમાંથી એક વિદ્વાન સંતે આપ્યા. વિદ્વાનો પણ બોલવા લાગ્યા કે

'સસ્સા મારનેકા સામાન તૈયાર કિયા તો આગે સિંહ આકે ખડા હો ગયા. અબ ક્યા લડેં ?'

આવા ઘણા પ્રસંગોએ નિત્યાનંદ સ્વામીએ પોતાની શાસ્ત્રોક્ત વાણીથી વિદ્વાનો સમક્ષ સ્વામિનારાયણ સંપ્રદાયનું ગૌરવ વધાર્યું હતું.

નિત્યાનંદ સ્વામીએ ઘણાં શાસ્ત્રો લખ્યાં છે. શ્રીજીમહારાજની પરાવાણી 'વચનામૃત' ગ્રંથનું સંપાદન કરવામાં એમનો મુખ્ય ફાળો હતો. બીજા પણ ગ્રંથો મહારાજની આજ્ઞાથી મહારાજના સિદ્ધાંત પ્રમાણે સંપ્રદાયની પુષ્ટિને અર્થે તેમણે રચ્યા.

શ્રીજીમહારાજની પ્રસાદીની વસ્તુઓ સાચવવા માટે પણ નિત્યાનંદ સ્વામીએ આચાર્ય મહારાજને ભલામણ કરી હતી. તેથી પ્રસાદીની ઘણી વસ્તુઓ આચાર્ય મહારાજે ભેળી કરીને મંદિરોમાં ગોઠવી હતી. આજે પણ આપણને તે પ્રસાદીની વસ્તુઓનાં દર્શન કરવા મળે છે. વળી, જ્યાં શ્રીજી-મહારાજની અંતિમ વિધિ થઈ તે લક્ષ્મીવાડીમાં પણ મંદિર કરવામાં મુખ્ય ફાળો એમનો હતો.

શ્રીજીમહારાજની આજ્ઞા અનુસાર તેઓ દર વર્ષે એક મહિનો જૂનાગઢ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા જતા. અહીં સ્વામીની વિષયખંડનની અને સ્વરૂપનિષ્ઠાની વાતો સાંભળી તેઓ કહેતા : 'નિષ્કુળાનંદ સ્વામી કીર્તનો રચી વિષયનાં મૂળિયાં કાપે છે અને ગુણાતીતાનંદ સ્વામી વાતોએ કરીને કાપે છે. તેમને શાસ્ત્રની તંતી આડી આવતી નથી.'

સંવત ૧૯૦૮ના માગશર સુદ ૮ના દિવસે નિત્યાનંદ સ્વામીએ વરતાલમાં આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ, ગોપાળાનંદ સ્વામી, શુકમુનિ, શૂન્યાતીતાનંદજી વગેરે સંતોની હાજરીમાં ભૌતિક દેહનો ત્યાગ કર્યો. આ પ્રમાણે જીવનના અંત સુધી સંપ્રદાયની સેવા કરી, શ્રીજીમહારાજની આજ્ઞાનું યથાર્થ પાલન કરી, પોતાનું કાર્ય પૂરું કરીને નિત્યાનંદ સ્વામી પોતાના ઈષ્ટદેવની સેવામાં અક્ષરધામમાં બિરાજ્યા.

આવા મહાન સદ્‌ગુરુવર્યની પ્રશંસા કરતાં મહારાજે 'વચનામૃત'માં કહ્યું છે : 'નિત્યાનંદ સ્વામીને અમારી પ્રસન્નતા કરવી એ અંગ.' (ગ.અં. ૨૪). વળી, સર્વમંગલસ્તોત્રમાં પણ 'નિશાનિત્ય કથાદરઃ' એ વિશેષ નામોચ્ચારથી આજે પણ સૌ કોઈ નિત્ય પ્રત્યે એમનું સ્મરણ કરે છે.

એમણે રચેલા ગ્રંથો નીચે પ્રમાણે છે :

**સંસ્કૃત :** શ્રીહરિદિગ્વિજય, હરિકવચ, શ્રીહનુમન કવચ, શાંડિલ્ય સૂત્રનું ભાષ્ય.

**પ્રાકૃત :** ભાગવત દશમ સ્કંધ પૂર્વાર્ધ, ભાગવત પંચમ સ્કંધ, વિદૂર નીતિ, ભગવદ્‌ગીતા, વૈકુંઠ દર્શન, કપીલ ગીતા, ગુણવિભાગ, અવતાર ચરિત્ર, નારાયણ કવચ, નિષ્કામ શુદ્ધિ, શિક્ષાપત્રી ટીકા.

✧ ✧ ✧

# પ્રેમસખી પ્રેમાનંદ

પ્રેમાનંદ સ્વામીનો જન્મ નડિયાદ પાસેના એક ગામમાં[૧] સાઠોદરા નાગર બ્રાહ્મણ કુટુંબમાં સંવત ૧૮૪૦ની આસપાસ થયો હતો. માતા ખૂબ જ સ્વરૂપવાન હતાં. જ્યારે પિતાને લોકોએ 'ગાંડા' કહીને વગોવ્યા હતા. એટલે આ બાળકનો જન્મ થતાં માતા ઉપર આળ આવ્યું કે 'આ પુત્ર તેના પિતાનો નથી. માટે માતા પુત્રનો ત્યાગ કરી દે અથવા તેને મારી નાખે, પણ અમારા કુટુંબમાં આ પુત્રને અમે રાખી શકીશું નહિ.'

માતાને ખૂબ દુઃખ થયું. એક દિવસ પરોઢિયે બાળકને ગોદમાં લઈ, છાતી સરસો ચાંપી, માતાએ ગામ બહાર જઈ, છાતી કઠણ કરી, એક ઝાડનાં મૂળિયાંની બખોલમાં બાળકને મૂકી દીધું.

થોડી વારે એક પીંજારો સવારે જંગલ જતો હતો તે ત્યાં આવ્યો. તેની નજર ઝાડની બખોલમાં પડી અને ત્યાં આ બાળકને જોઈ તેને અંતરમાં આનંદ થઈ ગયો. તેને લાગ્યું કે 'ઘેર શેર માટીની ખોટ હતી તે ખુદાએ આજ પૂરી કરી.'

તરત જ બાળકને લઈને તે ઘેર ગયો. પોતાની સ્ત્રીને વધામણી આપતાં તેણે કહ્યું : 'દેખો દેખો, પાક પરવરદિગારે (ખુદાએ) આપણને શેર માટી આપી.' એમ કહીને પછી તે બાળક પોતાની સ્ત્રીને સોંપ્યું.

થોડાં વર્ષો પછી કંઈક કામ પ્રસંગે તે પીંજારો તેના આ પુત્રને લઈને જેતપુર ગયો. અહીં સહજાનંદ સ્વામીને રામાનંદ સ્વામી પોતાની ધર્મધુરા સોંપવાના હતા. આ પ્રસંગે અહીં મોટો ઉત્સવ થઈ રહ્યો હતો. દેશોદેશથી હજારો હરિભક્તો આવ્યા હતા. પીંજારાએ પણ પોતાનાં ભાગ્ય માન્યાં કે 'હિન્દુના આ ઉત્સવનાં દર્શન થશે !'

ઉત્સવના દિવસે સહજાનંદ સ્વામી ઘોડા ઉપર બિરાજ્યા અને ધામ-ધૂમથી આખા ગામમાં નગરયાત્રા નીકળી. પીંજારો પણ તેના પુત્રને લઈને આ નગરયાત્રા જોવા નીકળ્યો. એકાએક તેનો પુત્ર તેની પાસેથી છૂટી ગયો.

---

૧. કવિનું જન્મ સ્થાન ભરૂચ પાસે દોરા ગામ કેટલાક ગણાવે છે.



સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામી

થોડી વારમાં તો તે માણસોની મેદનીને વીંધતો સહજાનંદ સ્વામીના ઘોડા પાસે આવી પહોંચ્યો અને ઘોડાનું પેંગડું પકડીને ચાલવા લાગ્યો. શ્રીજીમહારાજની દૃષ્ટિ આ કિશોર ઉપર પડી. શ્રીજીમહારાજ આખા ગામમાં નગરયાત્રામાં ફર્યા ત્યાં સુધી આ કિશોર તેમના ઘોડાનું પેંગડું પકડીને સાથે સાથે ચાલ્યો.

ઉન્નડખાચરના દરબારમાં જ્યાં રામાનંદ સ્વામીનો આશ્રમ હતો ત્યાં નગરયાત્રા પૂરી થઈ. મહારાજ ઘોડા ઉપરથી ઊતરી તરત જ આશ્રમમાં ચાલ્યા ગયા. તે કિશોર ઘણો થાકી ગયો હતો તેથી આશ્રમનાં પગથિયાં ઉપર જ સૂઈ ગયો. થોડી વારે મહારાજને તે કિશોર યાદ આવ્યો એટલે તરત જ તેઓ બહાર આવ્યા. પગથિયાં ઉપર સૂતેલા કિશોરને જોઈ મહારાજે તેના માથા ઉપર હાથ ફેરવ્યો. તે ઊઠ્યો એટલે તેને પાણી પાયું ને જમાડ્યો.

એટલામાં એ કિશોરને ગોતતો તેનો બાપ પોતાના સગાને લઈને ત્યાં આવ્યો. પુત્રને જોઈને તેને આનંદ થયો અને મહારાજને વાત કરી : 'આ મારો પુત્ર છે. હું તેને લઈ જાઉં છું.'

મહારાજે રજા આપી, પરંતુ તે કિશોરે ત્યાંથી ખસવાની જ ના કહી. તેના બાપે તેને ખૂબ સમજાવ્યો, છેવટે મારવાની ધમકી આપી, પણ તે કિશોર તેના બાપ સાથે જવા તૈયાર થયો નહિ. છેવટે નિરાશ થઈને તેનો બાપ ઘેર ગયો. તેણે મન મનાવ્યું કે 'આપણો પુત્ર ક્યાં હતો.'

શ્રીજીમહારાજે કિશોરને પૂછ્યું : 'તારો શું વિચાર છે ?'

ત્યારે તેણે કહ્યું : 'મારે આપની પાસે રહેવું છે.'

મહારાજ આ કિશોરના સંસ્કાર અને પૂર્વકર્મ જાણતા હતા તેથી તેમણે કહ્યું : 'તું હમણાં ઉજ્જૈન જા અને ત્યાં સિપ્રા નદીને સામે કાંઠે સંગીતશાળા છે, ત્યાં જઈ તું સંગીત શીખ. પછી તું આ દેશમાં પાછો આવી મને મળજે.'

શ્રીજીમહારાજની આ આજ્ઞા મુજબ કિશોર ત્યાંથી ચાલી નીકળ્યો અને મહારાજે બતાવ્યા પ્રમાણે ઉજ્જૈનમાં સંગીત વિદ્યાલયમાં આવી પહોંચ્યો. વિદ્યાલયના અધિકારીએ તેને આવવાનું કારણ પૂછ્યું. તેણે ત્યાં રહેવાની ઈચ્છા દર્શાવી એટલે અધિકારીએ તેને નોકર તરીકે રાખી લીધો.

ખૂબ ઉત્સાહથી આ કિશોર ત્યાં સેવા કરવા લાગ્યો. તેથી રાજી થઈ ત્યાંના શિક્ષકે તેને સંગીત શીખવવાનું શરૂ કર્યું. પૂર્વના સંસ્કારથી અને

મહારાજની કૃપાથી થોડાં વર્ષોમાં તે ગાન અને વાદ્ય સંગીતમાં પારંગત બની ગયો. એકાએક એક દિવસ તેને મહારાજ સાંભરી આવ્યા. મહારાજને શોધતો શોધતો તેમની જ પ્રેરણાથી તે ગઢપુર આવી પહોંચ્યો.

મહારાજ તેને ઓળખી ગયા. પ્રેમથી મળ્યા અને થોડા દિવસ સાથે રાખી, સંવત ૧૮૭૦ની આસપાસ તેને ત્યાગીની દીક્ષા આપી, 'નિજબોધાનંદ' નામ પાડ્યું. મહારાજની આજ્ઞાથી તેઓ થોડું સંસ્કૃત પણ ભણ્યા.

એક દિવસ મહારાજે તેમને બોલાવીને કીર્તનો બનાવવાની આજ્ઞા કરી. પોતે પિંગળ ભણ્યા ન હતા, પણ મહારાજની ઇચ્છાથી કીર્તનો રચવાં શરૂ કર્યાં. મહારાજના અંગેઅંગને ખૂબ ભાવથી નિહાળી, મહારાજની મૂર્તિનું સુંદર અને રસિક વર્ણન કરતું સૌ પ્રથમ કીર્તન એમણે બનાવ્યું. તે સાંભળી મહારાજ બહુ રાજી થયા, પણ કીર્તનના અંતમાં 'નિજબોધાનંદ' શબ્દથી પ્રાસ મળતો ન હતો. તેથી મહારાજે વિચારીને તેમને કહ્યું : 'બ્રહ્મા, મુક્તા અને નિષ્કુળા જેમ પ્રાસમાં બેસે છે તેમ 'પ્રેમા' શબ્દ પ્રાસમાં બેસશે. માટે આજથી તમારું નામ 'પ્રેમાનંદ' રાખો. વળી, એક વાર એક કીર્તનમાં તેમણે શ્રીકૃષ્ણની એક ગોપી ચંદ્રસખીનો ઉલ્લેખ કર્યો. તે સાંભળી તેમની પ્રેમ-લક્ષણા ભક્તિથી પ્રસન્ન થઈ, મહારાજે તેમનું નામ 'પ્રેમસખી' પણ રાખ્યું. આ બંને નામથી કીર્તનો રચવાની મહારાજે તેમને આજ્ઞા કરી.

અષાઢ માસની નિયમની એકાદશીએ એક વખત મહારાજ સૌને ચાતુર્માસના વિશેષ નિયમો આપતા હતા. ત્યારે પ્રેમાનંદ સ્વામીએ નિયમ લેતાં કહ્યું : 'હે મહારાજ ! આપની મૂર્તિનાં આઠ પદ રોજ બનાવવાનો નિયમ હું લઉં છું, તે સિવાય મારે જમવું નહિ.'

આવા આકરા વ્રતથી મહારાજ તેમના ઉપર બહુ રાજી થયા હતા.

પ્રેમાનંદ સ્વામીએ મહારાજને પ્રત્યક્ષ પુરુષોત્તમ તરીકે વર્ણવી એટલા ભક્તિભાવથી ગદ્‌ગદિત સ્વરે કીર્તન ગાયાં છે કે તેમનાં કીર્તનોમાં શબ્દે શબ્દે ભક્તિરસ અને પ્રેમનું માધુર્ય નીતરે છે. શ્રીજીમહારાજના અંગેઅંગનું - રોમેરોમનું ઝીણવટથી વર્ણન કરતાં તેમની વાણીમાંથી પ્રેમરસ ખૂટતો નથી. એક જ પ્રકારનું વર્ણન હોવા છતાં પણ તે જુદાં જુદાં કીર્તનોમાં અનોખી છટાથી કરેલું છે. તેમાં તેમનો સ્નેહભાવ સવાયો થતો જાય છે. મહારાજની મનુષ્યલીલાનું ગાન કરતાં પણ તેમનો મહારાજ પ્રત્યેનો દિવ્યભાવ, તેમની

માનુષી ચેષ્ટા સાથે એકરસ થઈ જાય છે. એમનાં કાવ્યોમાં હૃદય જાણે પ્રવાહી થઈને રેલાતું હોય, તેવો પ્રેમનો ઉદ્રેક (વધારો) હોય છે.

એક વખત એક દેવીભક્તે મહારાજ પાસે આવી માતાજીનો ગરબો ગાયો. ત્યારે મહારાજે સંતોને કહ્યું કે 'આ કવિને દેવી ઉપર કેવી આસ્થા છે !'

તે સાંભળી પ્રેમાનંદ સ્વામી તરત ઊભા થયા અને મહારાજની મૂર્તિ નીરખતાં નીરખતાં તેમણે ગાવા માંડ્યું :

*'વંદુ સહજાનંદ રસરૂપ, અનુપમ સારને રે લોલ,*
*જેને ભજતાં છૂટે ફંદ, કરે ભવ પારને રે લોલ.'*

આ પદ સાંભળતાં તો મહારાજ સ્વયં ડોલવા લાગ્યા. સભા બધી સ્તબ્ધ બની ગઈ. આ આઠ પદ પૂરાં થયાં ત્યારે પ્રેમાનંદ સ્વામીની ભક્તિથી અત્યંત પ્રસન્ન થયેલા મહારાજ બોલી ઊઠ્યા : 'બહુ સારાં કીર્તન ગાયાં. આ કીર્તનોને સાંભળીને તો અમારા મનમાં એમ વિચાર થયો જે, આવી રીતે એને ભગવાનની મૂર્તિનું ચિંતવન છે માટે એ સાધુને તો ઊઠીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ. જેને આ કીર્તનમાં કહ્યું એવી રીતનું ચિંતવન થતું હોય તે તો કાળ, કર્મ ને માયાના પાશ થકી મુકાયો છે.'

જેમ પ્રેમાનંદ સ્વામીને મહારાજ પ્રત્યે અત્યંત પ્રેમલક્ષણા ભક્તિ હતી એ જ રીતે મહારાજની પણ તેમના ઉપર અપાર કૃપા હતી. એ પ્રેમસખીના મુખમાંથી સરતાં સ્નેહભર્યાં સુંદર કીર્તનો સાંભળવા મહારાજ હંમેશાં આકર્ષાતા.

એક સમયે શિયાળાની મોડી રાત્રીએ પ્રેમાનંદ સ્વામીએ પોતાની સારંગીનો સૂર છેડ્યો અને ગળામાંથી પણ જાણે સારંગીનો સ્વર રેલાતો હોય તેમ શબ્દ પ્રવાહી બની રેલાયા. મહારાજના મહિમાના મધુરા શબ્દો ઠેઠ અક્ષર ઓરડી સુધી પહોંચ્યા. ભક્તિરસથી છલકાતો તેમનો સૂર સાંભળી મહારાજ કડકડતી ઠંડીમાં ઊઠ્યા અને ધીરે પગલે ચાલીને તેમની પાછળ આવીને એકચિત્તે સાંભળવા લાગ્યા. પ્રેમાનંદ સ્વામી મહારાજની મૂર્તિના ધ્યાનમાં એકતાર બની, એક પછી એક પદ, મધુર સ્વરે છેડવા લાગ્યા.

શિયાળાની ધ્રુજાવતી ઠંડી રાત પસાર થઈ ગઈ. પ્રભાત થતાં પ્રેમાનંદ સ્વામીએ જ્યાં સરોદો મૂકી ગાવાનું બંધ કર્યું ત્યાં તો મહારાજનો પ્રેમાળ સ્વર સંભળાયો. એકદમ પાછળ ફરી પ્રેમાનંદ સ્વામી મહારાજનાં ચરણોમાં પડી ગયા.

'દીનાનાથ ! આપ અહીં ક્યાંથી ?' પ્રેમાનંદ સ્વામીએ પૂછ્યું.

'તમારા કીર્તનનો સૂર સાંભળી આજ આખી રાત અમે અહીં જ ઊભા રહ્યા છીએ. હજુ પણ એમ થાય છે કે સાંભળ્યા જ કરીએ.' મહારાજની વાણી સાંભળી પ્રેમાનંદ સ્વામી ગદ્‌ગદિત થઈ ગયા.

પ્રેમાનંદ સ્વામીની ભક્તિ ને કાવ્યશક્તિની મહારાજ બહુ જ કદર કરતા અને અનેક પ્રકારે તેમને પોતાના સંબંધનું સુખ આપતા.

એક વખત કચ્છમાં મહારાજ સંતો સાથે પધાર્યા. ત્યાં પ્રેમાનંદ સ્વામીના ગળામાં પોતાનો હાથ રાખી અને પોતાના ગળામાં સ્વામીનો હાથ ગોઠવી, જોડલી રચીને, કીર્તનો ગાતાં ગાતાં મહારાજ ભુજની બજારમાં નીકળેલા. તે વખતે કાવ્યનું એક ચરણ પ્રેમાનંદ સ્વામી બોલે અને બીજું ચરણ મહારાજ બોલે. એવી દિવ્ય લીલા કરતાં મહારાજે તેમને અલૌકિક લાભ આપ્યો હતો.

જૂનાગઢના સ્વામિનારાયણ મંદિરમાં ત્યાંના નવાબે એક વખતે પ્રેમાનંદ સ્વામીનું સંગીત સાંભળ્યું, ત્યારથી નવાબને એમ થઈ ગયું કે 'દુનિયામાં આવું રૂહાની (આત્માનું) સંગીત ક્યાંય હોઈ શકે નહિ.'

ત્યારબાદ થોડા સમયે ગ્વાલિયરના કેટલા દ્રુપદ રાગ ગાનારા ગવૈયાઓ જૂનાગઢના નવાબને પોતાનું સંગીત સંભળાવવા આવ્યા; પણ નવાબે તેમને કહી દીધું કે 'સ્વામિનારાયણના ફકીર પ્રેમાનંદને સાંભળ્યા પછી હું બીજા કોઈને હવે સાંભળતો નથી. તેમનો જોટો આલમમાં ક્યાંઈ ન મળે.'

તેથી આ ગવૈયાઓ મહારાજ પાસે ગઢપુર આવ્યા. તેઓ દાદાના દરબારમાં આવ્યા ત્યારે બપોરના બારનો સમય થયો હતો. સભા ઊઠવાની તૈયારીમાં હતી, પરંતુ ગવૈયાઓએ પ્રેમાનંદ સ્વામીનું સંગીત સાંભળવાની ઇચ્છા જણાવી. એટલે મહારાજે પ્રેમાનંદ સ્વામીને તે સમયે ગાવાની આજ્ઞા કરી. શ્રીજીમહારાજે તેમને કહ્યું : 'ભૈરવી રાગ ગાઓ.'

પ્રેમાનંદ સ્વામીએ ભૈરવી રાગ શરૂ કર્યો, પરંતુ ઉસ્તાદો તો મનોમન હસવા લાગ્યા. તેમને થયું કે 'આ પ્રભાતના સમયે ગાવાનો રાગ અત્યારે તે હોય !' પણ પ્રેમાનંદ સ્વામીએ જ્યાં પોતાનો મધુર આલાપ છેડ્યો ત્યાં તો થોડી જ વારમાં આસપાસની પ્રકૃતિનો ભાવ બદલાઈ ગયો અને પ્રભાતના આહ્‌લાદક ભાવનો સૌને અનુભવ થવા લાગ્યો. તેમના મુખમાંથી નીકળતાં

ભૈરવીના અદ્‌ભુત સૂરોએ મધ્યાહ્‌નનું પ્રભાતના શીતળ વાતાવરણમાં પરિવર્તન કરી દીધું. ગવૈયાઓ પ્રેમાનંદ સ્વામીની અદ્‌ભુત સંગીત સુરાવલિથી મુગ્ધ થઈ ગયા.

શ્રીજીમહારાજ એક વખત આરતી કરી વાસુદેવ નારાયણના ઓરડે પધાર્યા. અહીં લાડુબા અને જીવુબાએ મહારાજને પ્રશ્ન પૂછ્યો કે 'આપે અમારા પિતાને શ્રીકૃષ્ણરૂપે દર્શન આપ્યાં હતાં, પરંતુ શ્રીકૃષ્ણ તો ગોલોક ધામના પતિ છે અને આપ તો કહો છો કે અમે અક્ષરાધિપતિ છીએ. તો અમારે શું સમજવું ?'

તે સમયે મહારાજે પોતાના પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપની અદ્‌ભુત વાતો કરી. પ્રેમાનંદ સ્વામી દૂર ઊભા રહીને આ બધી વાતો સાંભળતા હતા. તે સમયની મહારાજની મૂર્તિની શોભા અને મહારાજે પોતાના સર્વોપરી સ્વરૂપની વાતો કહી, તેનાં ચાર પદો તેમણે રચ્યાં :

*'આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ...'*

તથા

*'બોલ્યા શ્રીહરિ રે, સાંભળો નરનારી હરિજન...'*

આ પદો સાંભળી મહારાજ બહુ રાજી થયા.

પ્રેમાનંદ સ્વામીને મહારાજ હંમેશાં પોતાનો પ્રસાદીનો થાળ મોકલતા. શ્રીજીમહારાજના સ્વધામગમન પછી આ થાળ બંધ થયો. મહારાજના અત્યંત વિરહ-દુઃખમાં ચાર-પાંચ દિવસ તો પ્રેમાનંદ સ્વામીએ અન્નજળ વગર પસાર કર્યા. તેમને કંઈ ખબર રહી નહિ. પછી રસોઈ કરવા લાગ્યા પણ તેમને કંઈ ફાવ્યું નહિ. તે વખતે મહારાજની સ્મૃતિ થઈ આવતાં તેમણે સરોદો લઈને ગાવાનું શરૂ કર્યું :

*'સજની શ્રીજી મુજને સાંભરિયા રે,*
*હૈયે હરખ અતિ ઊભરાય,*
*નેણે આંસુની ધારા વહે રે,*
*વિરહે મનડું વ્યાકુળ થાય - સજની.'*

આ સાંભળી દરબારમાંથી દાદાખાચર દોડી આવ્યા. તેઓ મહારાજના વિરહનાં આ પદો સાંભળી શક્યા નહિ. પ્રેમાનંદ સ્વામીને તેમણે કહ્યું : 'સ્વામી ! બસ કરો. આ પદો ન ગાશો.'

પછી તેમને ખબર પડી કે ‘સ્વામી તો ચાર-પાંચ દિવસથી ભૂખ્યા છે !’

મહારાજે લાડુબા તથા જીવુબાને ભલામણ કરી હતી કે ‘પ્રેમાનંદ સ્વામીને હંમેશાં ઠાકોરજીનો થાળ પહોંચાડવો.’ કંઈક કારણસર તે થાળ અટકી ગયો હતો. દાદાખાચરે તુરત થાળ મોકલાવ્યો.

મહારાજનો વિરહ પ્રેમસખી પ્રેમાનંદને માટે અસહ્ય હતો. પોતે દરરોજ મંગળા આરતી કરીને ગોપીનાથજીની મૂર્તિ સામે કીર્તન-ભક્તિ કરતા અને રાજભોગ આરતી સુધી તે પ્રમાણે ગાનતાનથી મુજરા કરી મહારાજને રીઝવતા. ગોપીનાથજી સાક્ષાત્ મૂર્તિમાંથી પ્રગટ થઈ પ્રેમાનંદ સ્વામીને પોતાનો હાર રોજ આપતા.

પ્રેમાનંદ સ્વામીની કાવ્યશક્તિ અને ભક્તિથી પ્રસન્નતા પામતાં મહારાજે તેમને મુક્તાનંદ, બ્રહ્માનંદ, નિષ્કુળાનંદ વગેરે ઉચ્ચ કોટિના કવિઓની હરોળમાં ગણ્યા હતા. પ્રાતઃકાળમાં પ્રભાતિયાંથી લઈને આરતી, પ્રાર્થના, ગોડી, ચેષ્ટા વગેરેમાં મહારાજની સ્મૃતિ કરાવતા પ્રેમાનંદ સ્વામીનાં ઉત્તમ કાવ્યો સંપ્રદાયના નિત્ય નિયમમાં વણાઈ ગયાં છે.

શ્રીજીમહારાજે સંગીતને ભક્તિમાર્ગના પોષક તત્ત્વ તરીકે ખૂબ અપનાવ્યું હતું. જ્યારે જ્યારે મોટી સભાઓ થતી કે રાજા-મહારાજાઓની સભામાં જવાનો પ્રસંગ આવતો ત્યારે પ્રેમાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે દુક્કડ, સરોદા અને સારંગીથી સ્વરચિત કીર્તનોની એવી તો રમઝટ બોલાવતા કે સભાજનો ને ભલભલા સંગીત નિષ્ણાતો પણ આશ્ચર્ય પામી જતા.

શ્રીજીમહારાજના સ્વધામગમન પછી પ્રેમાનંદ સ્વામીની ભક્તિમાં વિરહની વેદના જણાઈ આવે છે. સંવત ૧૯૧૧ના માગશર સુદ ૧ને દિવસે વિરહની અંતિમ ઘડી આવતાં શ્રીજીમહારાજના સાન્નિધ્યમાં પ્રેમાનંદ સ્વામી અક્ષરધામમાં બિરાજી ગયા.

પ્રેમસખીના ગ્રંથોમાં મુખ્ય ધ્યાનમંજરી, નારાયણચરિત્ર, તુલસીવિવાહ, ગોપીવિરહ, શ્રીહરિચરિત્ર અને લગભગ ચૌદ હજાર પદો છે. એમનાં લગભગ ચાર હજાર પદો હાલમાં મળે છે. એમનાં પદો ગુજરાતી ભાષા ઉપરાંત હિંદી અને વ્રજ ભાષામાં મળે છે. એમનાં બનાવેલાં દ્રુપદનાં પદો સંગીત સાહિત્યમાં અમૂલ્ય છે.

## શ્રીહરિનો અપાર મહિમા અને ઉત્તમ આદેશ વર્ણવતી પ્રેમાનંદ સ્વામીની કાવ્યપ્રસાદી

### રાગ : ગરબી

### પદ ૧

આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ;
બાઈ મેં બોલાવિયા રે, સુંદર છોગાંવાળો છેલ. ૧
નીરખ્યા નેણાં ભરી રે, નટવર સુંદર શ્રી ઘનશ્યામ;
શોભા શી કહું રે, નીરખી લાજે કોટિક કામ. ૨
ગૂંથી ગુલાબના રે, કંઠે આરોપ્યા મેં હાર;
લઈને વારણાં રે, ચરણે લાગી વારંવાર. ૩
આપ્યો મેં તો આદરે રે, બેસવા ચાકળિયો કરી પ્યાર;
પૂછ્યા પ્રીતશું રે, બાઈ મેં સર્વે સમાચાર. ૪
કહો ને હરિ ક્યાં હતા રે, ક્યાં થકી આવ્યા ધર્મકુમાર;
સુંદર શોભતા રે, અંગે સજિયા છે શણગાર. ૫
પહેરી પ્રીતશું રે, સુરંગી સૂથણલી સુખદેણ;
નાડી હીરની રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ. ૬
ઉપર ઓઢિયો રે, ગૂઢો રેંટો જોયા લાગ;
સજની તે સમે રે, ધન્ય ધન્ય નીરખ્યાં તેનાં ભાગ્ય. ૭
મસ્તક ઉપરે રે, બાંધ્યું મોળિડું અમૂલ્ય;
કોટિક રવિ શશી રે, તે તો નાવે તેને તુલ્ય. ૮
રેશમી કોરનો રે, કરમાં સાહ્યો છે રૂમાલ;
પ્રેમાનંદ તો રે, એ છબી નીરખી થયો નિહાલ. ૯

### પદ ૨

સજની સાંભળો રે, શોભા વર્ણવું તેની તેહ;
મૂર્તિ સંભારતાં રે, મુજને ઊપજ્યો અતિ સ્નેહ. ૧
પહેર્યા તે સમે રે, હરિએ અંગે અલંકાર;
જેવા મેં નીરખ્યા રે, તેવા વર્ણવું કરીને પ્યાર. ૨
બરાસ કપૂરના રે, પહેર્યા હૈડે સુંદર હાર;
તોરા પાઘમાં રે, તે પર મધુકર કરે ગુંજાર. ૩

બાજુ બેરખા રે, બાંહ્યે કપૂરના શોભિત;
કડાં કપૂરનાં રે, જોતાં ચોરે સહુનાં ચિત્ત. ૪
સરવે અંગમાં રે, ઊઠે અત્તરની બહુ ફોર;
ચોરે ચિત્તને રે, હસતાં કમળ-નયનની કોર. ૫
હસતા હેતમાં રે, સૌને દેતા સુખ આનંદ;
રસરૂપ મૂરતિ રે, શ્રીહરિ કેવળ કરુણાકંદ. ૬
અદ્‌ભુત ઉપમા રે, કહેતાં શેષ ન પામે પાર;
ધરીને મૂરતિ રે, જાણે આવ્યો રસ શૃંગાર. ૭
વાલપ વેણમાં રે, નેણાં કરુણામાં ભરપૂર;
અંગો અંગમાં રે, જાણીયે ઉગિયા અગણિત સૂર. ૮
કરતા વાતડી રે, બોલી અમૃત સરખાં વેણ;
પ્રેમાનંદનાં રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ. ૯

**પદ ૩**

બોલ્યા શ્રીહરિ રે, સાંભળો નરનારી હરિજન;
મારે એક વારતા રે, સૌને સંભળાવ્યાનું છે મન. ૧
મારી મૂરતિ રે, મારા લોક ભોગ ને મુક્ત;
સર્વે દિવ્ય છે રે, ત્યાં તો જોયાની છે જુક્ત. ૨
મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ;
સર્વ સામ્રથી રે, શક્તિ ગુણે કરી અભિરામ. ૩
અતિ તેજોમય રે, રવિ શશી કોટિક વારણે જાય;
શીતળ શાંત છે રે, તેજની ઉપમા નવ દેવાય. ૪
તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર;
દુર્લભ દેવને રે, મારો કોઈ ન પામે પાર. ૫
જીવ ઈશ્વર તણો રે, માયા કાળ પુરુષ પ્રધાન;
સૌને વશ કરું રે, સૌનો પ્રેરક હું ભગવાન. ૬
અગણિત વિશ્વની રે, ઉત્પત્તિ પાલન પ્રલય થાય;
મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય. ૭
એમ મુને જાણજો રે, મારા આશ્રિત સૌ નરનારી;
મેં તમ આગળે રે, વાર્તા સત્ય કહી છે મારી. ૮

હું તો તમ કારણે રે, આવ્યો ધામથકી ધરી દેહ;
પ્રેમાનંદનો રે, વહાલો વર્ષ્યા અમૃતમેહ. ૯

**પદ ૪**

વળી સૌ સાંભળો રે, મારી વાર્તા પરમ અનુપ;
પરમ સિદ્ધાંત છે રે, સૌને હિતકારી સુખરૂપ. ૧
સૌ હરિભક્તને રે, જાવું હોયે મારે ધામ;
તો મુને સેવજો રે, તમે શુદ્ધ ભાવે થઈ નિષ્કામ. ૨
સૌ હરિભક્તને રે, રહેવું હોય મારે પાસ;
તો તમે મેલજો રે, મિથ્યા પંચ વિષયની આશ. ૩
મુજ વિના જાણજો રે, બીજા માયિક સૌ આકાર;
પ્રીતિ તોડજો રે, જૂઠાં જાણી કુટુંબપરિવાર. ૪
સૌ તમે પાળજો રે, સર્વે દૃઢ કરી મારા નેમ;
તમ પર રીઝશે રે, ધર્મ ને ભક્તિ કરશે ક્ષેમ. ૫
સંત હરિભક્તને રે, દીધો શિક્ષાનો ઉપદેશ;
લટકાં હાથનાં રે, કરતા શોભે નટવરવેશ. ૬
નિજ જન ઉપરે રે, અમૃત વર્ષ્યા આનંદકંદ;
જેમ સૌ ઔષધિ રે, પ્રીતે પોષે પૂરણચંદ્ર. ૭
શોભે સંતમાં રે, જેમ કાંઈ ઉડુગણમાં ઉડુરાજ;
ઈશ્વર ઉદે થયા રે, કળિમાં કરવા જનનાં કાજ. ૮
આ પદ શીખશે રે, ગાશે સાંભળશે કરી પ્યાર;
પ્રેમાનંદનો રે, સ્વામી લેશે તેની સાર. ૯

✧ ✧ ✧



મુકુંદાનંદ વર્ણી

# મુકુંદાનંદ વર્ણી (મૂળજી બ્રહ્મચારી)

मुकुन्दानन्द मुख्याश्च - બ્રહ્મચારીઓમાં અગ્રણી મૂળજી બ્રહ્મચારીને નામે ઓળખાતા મુકુંદાનંદ વર્ણીને સત્સંગમાં કોણ નથી ઓળખતું ? હનુમાનજી જેવા જતિ, નૈષ્ઠિક વ્રતધારી એ મૂળજી બ્રહ્મચારી શ્રીજી-મહારાજની દાતણથી માંડી, પોઢી જાય ત્યાં સુધીની તમામ સેવા કરતા. શ્રીજીમહારાજ માટે રસોઈ તૈયાર કરવી, થાળ જમાડતી વખતે પંખો નાંખવો, મહારાજ પંક્તિમાં પીરસે ત્યારે હાથમાં થાળી રાખી ફરવું, જે હરિભક્તે થાળ કરાવેલ હોય તેને યાદ કરીને મહારાજની પ્રસાદી તેને આપવી વગેરે અનેક સેવામાં મૂળજી બ્રહ્મચારી શ્રીજીમહારાજ સાથે રસબસ - એક થઈ ગયા હતા. મહારાજની સાથે જ આ બ્રહ્મચારી અક્ષરધામમાંથી જાણે મહારાજની સેવા કરવા જ પધાર્યા હતા !

તેમનો જન્મ સૌરાષ્ટ્ર દેશના મછિયાવ ગામમાં સંવત ૧૮૨૨માં પવિત્ર ઔદિચ્ય બ્રાહ્મણ કુળમાં થયો હતો. તેમનું નામ મૂળજીભાઈ હતું. તેમના પિતા યજમાનવૃત્તિ કરીને દેહનિર્વાહ કરતા હતા. મૂળજીભાઈ પણ આ કાર્યમાં પિતાને મદદ કરતા.

એક વખત એક યજમાનની દીકરીને સાસરેથી પિયર તેડી લાવવાનું કામ પિતાશ્રીએ મૂળજીને સોંપ્યું. તેઓ યજમાનના વેવાઈને ત્યાં ગયા. વેવાઈએ દીકરાની વહુને મૂળજીભાઈ સાથે મોકલી.

રસ્તામાં એક સ્થળે રાત રહેવાનું થયું. નાના મકાનમાં યજમાનની દીકરીને અંદરના ઓરડામાં સુવાડી પોતે બહાર ઓટલે સૂતા.

એકાંત સ્થળ અને રાતનો સમય હતો. કન્યાની ચંચળવૃત્તિ જાગ્રત થઈ. ઓરડાનું બારણું ખોલી જ્યાં મૂળજીભાઈ સૂતા હતા ત્યાં આવીને બેઠી. મૂળજીભાઈ ઝબકીને જાગી ગયા. કન્યાની ચંચળવૃત્તિ પારખી ગયા. તેમણે કહ્યું : 'બહેન ! અહીં કશી જ બીક નથી. તમે નચિંત થઈને અંદર સૂઈ રહો.'

આ સાંભળી બાઈ તો શરમાઈ ગઈ. તે અંદર તો ગઈ પણ તેનો વેગ શમ્યો નહિ. ફરી કમાડ ઉઘાડી મૂળજીભાઈની પાસે તે આવી. મૂળજીભાઈ

ફડકી ગયા. તેને શિખામણનાં વચનો કહ્યાં. પછી તો મૂળજીભાઈ સવાર સુધી જાગતા જ રહ્યા.

મૂળજીભાઈના અંતઃકરણમાં આ પ્રસંગથી મનોમંથન જાગ્યું : 'અહો ! આ સંસાર શું આવો છે ? હવે સંસારમાં રહેવામાં કાંઈ માલ નથી.' એવો મનોમન દૃઢ નિર્ણય કરી લીધો.

તેઓ નાનપણથી જ ભક્તિના રંગે રંગાયેલા હતા. તેમના લગ્નની ગોઠવણ ચાલતી હતી તે વખતે મૂળજીભાઈએ પોતાના પિતાને સ્પષ્ટપણે કહી દીધું : 'મારે તો અખંડ બ્રહ્મચર્ય પાળી ભગવાન ભજવા છે પણ ગૃહસ્થાશ્રમ કરવો નથી.'

સૌએ અનેક પ્રકારે સમજાવ્યા પરંતુ તેમનો નિર્ણય અફર હતો.

તીવ્ર વૈરાગ્યના વેગથી મૂળજીભાઈ ઘરનો ત્યાગ કરી દ્વારિકાની જાત્રા કરવા નીકળ્યા. ફરતાં ફરતાં લોજ ગામે આવ્યા. રામાનંદ સ્વામીનો પ્રસંગ થતાં તેમના શિષ્ય થઈને રહ્યા. પછી રામાનંદ સ્વામીએ તેમને દીક્ષા આપી 'મુકુંદાનંદ વર્ણી' નામ પાડ્યું. તેઓ 'મૂળજી બ્રહ્મચારી' તરીકે પણ ઓળખાતા. તેમણે અખંડ બ્રહ્મચર્ય પાળ્યું.

એક વખત શ્રીજીમહારાજ વાસુદેવ નારાયણના ઓરડામાં સભા કરીને બિરાજમાન થયા હતા. ત્યારે મહારાજે એવું પ્રકરણ ચલાવ્યું હતું કે 'કથામાં જે ઊંઘે તેમને જગાડવા માટે બેરખો મારવો.' મૂળજી બ્રહ્મચારી મહારાજની બાજુમાં બેઠા હતા. તેવામાં બ્રહ્મચારીને સ્વપ્નું આવ્યું. સ્વપ્નમાં તે મહારાજ સાથે કોઈ ગામે ગયા ત્યાં એક ઘર સળગ્યું. મહારાજ દાઝી જશે એ બીકે મહારાજને ગાદી સાથે ઉપાડીને લીંબડા તળે તેઓ આવ્યા. બહુ અવાજ થવાથી બ્રહ્મચારી એકદમ જાગી ગયા.

શ્રીજીમહારાજે તેમને પૂછ્યું : 'તમને શું થયું હતું ?'

ત્યારે બ્રહ્મચારી કહે : 'મને ઊંઘ આવી ગઈ અને તેમાં સ્વપ્ન આવ્યું કે કોઈ ગામમાં ઘર લાગ્યું તેથી હું તમને ઉપાડીને બહાર આવતો રહ્યો.'

આ સાંભળી મહારાજે સંત-હરિભક્તની સભામાં કહ્યું : 'આ બ્રહ્મચારી ઊંઘતા દેખાય પણ ત્રણે અવસ્થામાં તેમને અમારું જ ચિંતવન થાય છે.'

એક વખત ભાદરામાં મૂળજી બ્રહ્મચારીને મહારાજે પોતાની મોજડી આપી અને કહ્યું : 'તમે આના ઉપર તેલ ચોપડી દ્યો. કોઈ બીજાને

આપશો નહિ.'

મૂળજી બ્રહ્મચારી આજ્ઞા પ્રમાણે તેલ ચોપડવા લાગ્યા. તે વખતે વશરામભાઈ ત્યાં આવ્યા.

'તમે તો મહારાજની સેવા રોજ કરો છો માટે આ સેવા મને આપો.' એમ કહી મૂળજી બ્રહ્મચારી પાસેથી આગ્રહ કરી મોજડી લઈ લીધી અને તેઓ તેલ ચોપડવા બેઠા.

તે વખતે શ્રીજીમહારાજ ત્યાંથી પસાર થયા. મહારાજે આ જોઈ બ્રહ્મચારીને કહ્યું : 'મોજડી બીજાને આપવાની મેં તમને ના પાડી હતી છતાં આ વશરામ ભક્તને કેમ આપી ?'

બ્રહ્મચારી વાંકમાં આવ્યા છે એમ જાણીને શ્રીજીમહારાજે ફરીથી કહ્યું : 'જાવ, તમે વિમુખ છો. આજથી જોડા પહેરશો નહિ. ગળ્યું-ચીકણું ખાશો નહિ.' એમ કહી મૂળજી બ્રહ્મચારીને સેવામાંથી છૂટા કર્યા.

બ્રહ્મચારી ડભાણમાં રામદાસભાઈ પાસે આવીને રહ્યા. છ માસ ત્યાં રહ્યા. ઉનાળામાં ડભાણિયા આંબાની કેરીઓ પાકી. તેમાંથી દોઢ મણ કેરીનો ટોપલો રામદાસભાઈએ મહારાજને મોકલવા તૈયાર કર્યો, પણ મહારાજ પાસે તે ટોપલો કોણ લઈ જાય ? તેથી બ્રહ્મચારીએ તેમને કહ્યું : 'મને આપો. હું લઈ જઈશ.'

પછી તેઓ ઉનાળાના સખત તાપમાં, ઉઘાડા પગે ચાલીને ગઢડા આવ્યા. શ્રીજીમહારાજ આગળ કેરીનો ટોપલો મૂક્યો. પગે લાગીને 'જય સ્વામિનારાયણ' કહ્યા. મહારાજ તો મોંઢું ફેરવી ગયા પણ કાંઈ જવાબ આપ્યો નહિ.

ગામમાં જતાં એક સુથારણ બાઈ બ્રહ્મચારીને ઓળખી ગઈ. તેણે પૂછ્યું : 'બ્રહ્મચારી ! હમણાં કેમ દેખાતા નહોતા ?'

મૂળજી બ્રહ્મચારીએ કહ્યું : 'મને મહારાજ ક્યાં પાસે રહેવા દે છે ? હું દોઢ મણ કેરીનો ટોપલો ઉપાડીને આવ્યો પણ મહારાજે તો 'નારાયણ' પણ કહ્યા નહિ.'

પછી તે બાઈ બ્રહ્મચારીને પોતાને ઘેર તેડી ગઈ. ઘી, ગોળ, લોટ વગેરે સીધું આપ્યું, પરંતુ બ્રહ્મચારી તો કેવળ બાટી બનાવીને જમ્યા અને ઘી, ગોળ પાછાં મોકલાવ્યાં. તે બાઈએ પૂછ્યું કે 'ઘી, ગોળ કેમ રહેવા દીધાં ?'

ત્યારે બ્રહ્મચારીએ કહ્યું કે 'મહારાજે છ માસથી બંધ કરાવ્યું છે.'

પછી તો તે બાઈ બ્રહ્મચારીને લઈને મહારાજ પાસે ગઈ. મહારાજને ઠપકો આપતાં તેણે કહ્યું : 'મહારાજ ! આવા નમેરા (નિર્દય) કેમ થયા છો ? આ બ્રહ્મચારી આવા તાપમાં ઉઘાડે પગે સાઠ ગાઉથી કેરીનો ટોપલો લાવ્યા ને 'જય સ્વામિનારાયણ' પણ કહ્યા નહિ ?'

શ્રીજીમહારાજે હસીને કહ્યું : 'અમારી ક્યાં ના છે ! તેમને બોલાવો.'

આ સાંભળી બ્રહ્મચારી તરત જ મહારાજની સેવામાં જોડાઈ ગયા. તરત જ મહારાજને રસ-રોટલી જમાડી રાજી કર્યા.

બ્રહ્મચારી શ્રીજીમહારાજનો અત્યંત મહિમા સમજતા હતા. શ્રીજી-મહારાજે તેમનું વગર વાંકે અપમાન કર્યું, કાઢી મૂક્યા, જોડા ન પહેરવાનો તથા ગળ્યું-ચીકણું ન ખાવાનો નિયમ આપ્યો છતાં પણ તેમને જરાય ક્ષોભ ન થયો અને મહારાજમાં અખંડ વૃત્તિ રાખી ભજન કર્યું. શ્રીજીમહારાજના હૃદયરૂપ આ બ્રહ્મચારીને મહારાજ વિના બીજે ક્યાંય પ્રતીતિ હતી જ નહિ.

તેથી જ શ્રીજીમહારાજે કહ્યું છે : 'આ મુકુંદ બ્રહ્મચારી અમારા સ્વભાવને યથાર્થ જાણે છે કે મહારાજ આકાશ સરખા નિર્લેપ છે. એમને કોઈ પારકું, પોતાનું નથી... અને આ મુકુંદ બ્રહ્મચારી કોઈ દિવસ મૂંઝાતા નથી તેથી અમારે એમની સાથે ઘણું બને છે... મૂળજી બ્રહ્મચારી અતિશય ડાહ્યા નથી પણ અમને રાજી કરતાં આવડે છે.' એવી રીતે બહુ પ્રશંસા વચનામૃતમાં કરી છે.

શ્રીજીમહારાજને મૂળજી બ્રહ્મચારીના હાથની જ સેવા ગમતી કારણ કે તે નૈષ્ઠિક બ્રહ્મચારી હતા. મહારાજે કહ્યું છે કે 'અમને નિષ્કામી ભક્તના હાથની સેવા ગમે છે તેવી બીજાની ગમતી નથી.'

મૂળજી બ્રહ્મચારી જ્યારે માનસી પૂજા કરવા બેસતા ત્યારે અતિશય હેતે કરીને મહારાજ સાથે ઓતપ્રોત થઈ જતા. માનસીમાં મહારાજને 'મહારાજ શું લેશો ? ભજિયાં ? પૂરી ? શાક ?' એમ મહારાજને પૂછતા જાય ને જમાડતા જાય. શ્રીજીમહારાજ પણ તેમની ભક્તિને વશ થઈ પ્રત્યક્ષરૂપે જમી જતા.

મહારાજની તો તેઓ સેવા કરતા, પરંતુ ગોપીનાથજી મહારાજની મૂર્તિને શણગાર ધરાવવા, દસે આંગળીએ વેઢ પહેરાવવા અને એ સેવા કરતાં ગોપીનાથજીની મૂર્તિને જરાય વાગે નહિ તેમ ધીરે રહીને, સાચવીને, જાણે પ્રત્યક્ષ શ્રીજીમહારાજ છે એમ માની, મર્યાદાના હેતથી સેવા કરતા.

એક વખત શ્રીજીમહારાજે બ્રહ્મચારીને કહ્યું કે 'સભામાં કાંઈક વાત કરો.'

તરત જ બ્રહ્મચારી ઊભા થયા અને તાળી વગાડી ઊંચે અવાજે બોલવા લાગ્યા : 'સાંભળો, સાંભળો, સર્વ અવતારો આ સ્વામિનારાયણ ભગવાનની સેવા કરે છે. આવો અવતાર કોઈ વખતે થયો નથી ને થશે પણ નહિ. તેમની આજ્ઞા પાળવી. તેમાં કાંઈ ફેર પાડવો નહિ.' એમ વારંવાર બોલીને બેસી ગયા. મૂળજી બ્રહ્મચારી બહુ ભણ્યા નહોતા, શાસ્ત્રોની ઊંડી વાતોની સમજ પણ નહોતી, પણ તેમની નિખાલસ વાતોથી સૌને અતિશય આનંદ થયો.

શ્રીજીમહારાજે રાજી થઈને કહ્યું : 'બ્રહ્મચારી બહુ ભણ્યા નથી પણ મુદ્દાની વાત સમજે છે.'

એક સમયે ગઢપુરમાં મહારાજ સંતોની જોડ બાંધતા હતા ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું : 'આ મૂળજી બ્રહ્મચારીની જોડ કોણ છે ?'

ત્યારે મહારાજે તરત જ કહ્યું : 'બ્રહ્મચારીની જોડ તો બાંધેલી જ છે ને ? મૂળાનંદ ને સહજાનંદ એમ જોડ બાંધેલી જ છે.' એવી રીતે શ્રીજીમહારાજને તેમના પ્રત્યે અપૂર્વ સ્નેહ હતો.

શ્રીજીમહારાજ સ્વધામ પધાર્યા. બીજે દિવસે મૂળજી બ્રહ્મચારી અક્ષર ઓરડીમાં દર્શન કરવા ગયા. ત્યાં મહારાજને પલંગમાં પોઢેલા જોયા. નિત્ય નિયમ પ્રમાણે મહારાજને તેમણે જગાડ્યા. દાતણ-પાણી આપ્યાં, ઊને જળે સ્નાન કરાવ્યું, એ પ્રમાણે નિત્ય વિધિ કરાવી કે તરત જ મહારાજ અદૃશ્ય થઈ ગયા. આ પ્રમાણે પોતાના અતિ પ્રિય સેવક મૂળજી બ્રહ્મચારીને પોતાની દિવ્ય સ્મૃતિ કરાવીને પોતે અક્ષર ઓરડીમાં પ્રગટ બિરાજે છે એવી પ્રતીતિ મહારાજે કરાવી.

સંવત ૧૯૦૨ની સાલમાં મૂળજી બ્રહ્મચારી ગઢડામાં માંદા થયા. બ્રહ્મચારીએ મહારાજને પ્રાર્થના કરી કે 'હે મહારાજ ! હવે મને ધામમાં તેડી જાઓ.'

ત્યારે મહારાજે દર્શન દઈ કહ્યું : 'અમે આ મંદિર કરાવ્યું છે તેને તમે છોવરાવો (ચૂનો કરાવો). તે પૂરું થયે ધામમાં તેડી જઈશું.' એમ કહી શ્રીજી-મહારાજ અદૃશ્ય થઈ ગયા. ત્યારબાદ બ્રહ્મચારીએ આ કામ માટે ફાળો ઉઘરાવ્યો. કડિયાને તેડાવ્યા ને મંદિર છોવરાવવાનું કામ ચાલતું કર્યું.

સંવત ૧૯૦૪માં જળઝીલણીનો સમૈયો ગઢપુરમાં ભરાયો હતો.

વરતાલથી આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી તથા જૂનાગઢથી અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી પણ પધાર્યા હતા. પૂનમને દિવસે સભામાં નિત્યાનંદ સ્વામીએ સૌને જણાવ્યું કે 'મૂળજી બ્રહ્મચારીએ બહુ દાખડો કરી આ મંદિર છોવરાવ્યું છે. આગળ જતાં સોના-રૂપાના કળશ, સિંહાસન વગેરે થશે, પણ આ ગુણાતીતાનંદ સ્વામી જેવા સાધુ અને આ મૂળજી બ્રહ્મચારી જેવા બ્રહ્મચારી નહિ મળે.' એવી રીતે મહિમાની ઘણી વાત કરી.

મંદિર છોવરાવવાનું કામ પૂરું થયું. તે દહાડે તેમને શરીરે થોડી કસર જણાવા લાગી. રેચ લીધો પણ રેચ થયો નહિ. તે દિવસે ગ્રહણ હતું, પરંતુ ગ્રહણ થયું નહિ. મૂળજી બ્રહ્મચારીએ સભામાં આવીને કહ્યું : 'આજે મારે ધામમાં જવું છે. માટે ચાલો અક્ષર ઓરડીએ છેલ્લાં દર્શન કરી લઈએ.'

સૌ સાથે બ્રહ્મચારી અક્ષર ઓરડીએ ગયા. ત્યાં દર્શન કરી બ્રહ્મચારી ગળગળા થઈ ગયા. અક્ષર ઓરડીની પ્રદક્ષિણા કરીને ગોપીનાથજી મહારાજનાં દર્શન કર્યાં. પછી ઠાકોરજીનો થાળ મંગાવી જમ્યા. બધા કડિયાને પણ થાળની પ્રસાદી તથા પોષાક આપ્યાં. પછી સૌ ભજન કરવા લાગ્યા.

તે વખતે શ્રીજીમહારાજ અનંત કોટિ મુક્તો સાથે મૂળજી બ્રહ્મચારીને તેડવા પધાર્યા. દરબારગઢમાં તેજ છવાઈ ગયું. અનેક સંતોને આ દિવ્ય દર્શન થયાં. મૂળજી બ્રહ્મચારી ભૌતિક દેહનો ત્યાગ કરી, મહારાજની સમીપમાં બિરાજી ગયા. તેમનો અગ્નિસંસ્કાર ઘેલા નદીને કાંઠે ઓરિયાને આરે ભક્તિબાગ પાછળ કર્યો હતો. અગ્નિસંસ્કાર પછી ગ્રહણ થયું.

શ્રીજીમહારાજ અનેક મનુષ્ય ચરિત્રોના પ્રસંગોમાં મૂળજી બ્રહ્મચારી સાથે હતા, પણ કોઈ દિવસ તેમને લેશમાત્ર શંકા થઈ નથી. એવો શ્રીજી-મહારાજનો અપાર મહિમા તેઓ સમજતા. પડછાયાની જેમ મૂળજી બ્રહ્મચારીએ શ્રીજીમહારાજની સાથે જ રહી, નિર્દોષબુદ્ધિથી અખંડ સેવા કરી છે. તે આદર્શ આપણી આગળ રજૂ કરવા ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજે સારંગપુર મંદિરમાં મૂળજી બ્રહ્મચારીની આરસની મૂર્તિ પધરાવી છે. મૂળજી બ્રહ્મચારી જેવી સેવા-ભક્તિ તથા નિર્દોષબુદ્ધિ આપણે સૌએ કેળવવાની છે.

✧ ✧ ✧

### અમદાવાદ દેશના આદિ આચાર્યશ્રી

# અયોધ્યાપ્રસાદજી મહારાજ

શ્રીજીમહારાજે સર્વ કળામાં કુશળ ત્યાગીઓ બનાવ્યા, મંદિરો બનાવ્યાં – આ રીતે શુદ્ધ સંપ્રદાયની સ્થાપના કરી; પરંતુ મંદિરોની વ્યવસ્થાનો પ્રશ્ન ઉપસ્થિત થયો. ત્યાગીઓ વ્યાવહારિક ઉપાધિથી રહિત બની સુખેથી ભગવાનનું ભજન કરે અને સૌને ભજન કરાવે એ હેતુથી, વ્યવસ્થા માટે, મોટેરા સંતોએ આચાર્ય સ્થાપવાનો નિર્ણય કર્યો. આચાર્યના ધર્મો તથા નિયમો પણ એમણે નક્કી કર્યા. એ મુજબ શ્રીજીમહારાજના બે ભત્રીજા – અયોધ્યા-પ્રસાદજી અને રઘુવીરજીને અનુક્રમે અમદાવાદની નરનારાયણ દેવની અને વરતાલની લક્ષ્મીનારાયણ દેવની ગાદીના આચાર્ય નીમવામાં આવ્યા.

અમદાવાદ દેશની ગાદીના પ્રથમ આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજનો જન્મ સંવત ૧૮૬૫ના જેઠ સુદ એકાદશીના શુભ દિને છપૈયા ગામે થયો હતો. તેમના પિતાનું શુભ નામ રામપ્રતાપજી પાંડે અને માતાનું નામ સુવાસિની હતું.

અયોધ્યાપ્રસાદજી ઘણા નિર્માની સ્વભાવના હતા. મોટા મોટા સદ્‌ગુરુઓના પોતે પૂજનીય હોવા છતાં પણ પોતે તે માન ઇચ્છતા નહિ. વળી, સ્વભાવે પણ સાધુવૃત્તિના હતા. રાત-દિવસ સત્સંગના ઉત્કર્ષ માટે પ્રયત્ન કરતા.

ધર્મ-નિયમના પાલનમાં પણ પોતે ચુસ્ત હતા. વળી, પોતાના આશ્રિત સંતો-હરિભક્તોને પણ દૃઢપણે ધર્મ-નિયમમાં વર્તાવવાનો આગ્રહ રાખતા.

મહારાજની કૃપાથી આત્મનિષ્ઠા આદિક સદ્‌ગુણો એમણે કેળવ્યા હતા, જે એમના જીવન પ્રસંગો ઉપરથી આપણને જણાય છે.

એક વખત સંત-હરિભક્તો સાથે તેઓ જેતલપુર પાસે ગામડી ગામે પધારેલા. ગામના હરિભક્તોએ આચાર્ય મહારાજનું ભારે સ્વાગત કર્યું. સૌનો આનંદ સમાતો ન હતો. આ ઉત્સાહના રંગમાં સૌ ભાન ભૂલીને કાર્ય કરતા હતા. સભાપ્રસંગ પછી ઠાકોરજીને થાળ ધરીને આચાર્ય મહારાજને સૌએ



આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ

પ્રેમથી જમાડ્યા. દૂધપાક બનાવ્યો હતો તે આગ્રહ કરીને ખૂબ પીરસ્યો. આચાર્ય મહારાજ સૌના અતિ આગ્રહથી રાજી થઈ જમ્યા.

આ પછી જ્યારે હરિભક્તો જમવા બેઠા ત્યારે સૌને ખબર પડી કે દૂધપાક તો ઘણો ખારો હતો. ભૂલથી સાકરને બદલે મીઠું દૂધપાકમાં નખાઈ ગયું હતું. સૌને ઘણો પસ્તાવો થયો, પણ આચાર્ય મહારાજને તો મીઠું ને સાકર બંને સરખાં હતાં. સૌ હરિભક્તોએ તેમની માફી માંગી ત્યારે તેમણે હસતે મુખે કહ્યું કે 'તમે દુઃખ પામશો નહિ. ભગવાનની પ્રસાદીમાં સ્વાદ જોવાય નહિ. ભગવાનને જે ધર્યું હોય તે રાજી થઈને સૌએ જમી લેવું જોઈએ.'

બીજા એક પ્રસંગે આચાર્ય મહારાજ 'અવધ ભુવન'માં માનસી પૂજા કરવા બેઠા હતા. શ્રીજીમહારાજની અલૌકિક મૂર્તિમાં તેઓ ધ્યાનમગ્ન બન્યા હતા. તેવામાં એકાએક એક વીંછી ધીરે રહીને તેમના વાંસા ઉપર ચડ્યો અને પોતાના સ્વભાવ પ્રમાણે ડંખ ભર્યો, પરંતુ તેઓ ધ્યાનમાંથી વિચલિત થયા નહિ. જ્યારે માનસી પૂજાનો વિધિ પૂરો થયો ત્યારે જાગ્રત થઈને સેવકોને પૂછ્યું કે 'મારા વાંસામાં શું થયું છે ?'

સેવકોએ જોયું તો વાંસો લાલચોળ થઈને સૂજી ગયો હતો અને થોડે જ દૂર એક ખૂણામાં વીંછી સંતાતો ફરતો હતો. આચાર્ય મહારાજ ફક્ત એટલું બોલ્યા કે 'સૌ સૌની પ્રકૃતિ પ્રમાણે આચરણ કરે છે. દુર્જન પોતાની પ્રકૃતિ છોડતા નથી તો સજ્જને પણ પોતાની પ્રકૃતિ છોડવી નહિ.'

વળી, તેમનામાં સમાનતાનો પણ વિશેષ ગુણ હતો. નાના-મોટા સૌ હરિભક્તો તરફ સમભાવ બતાવતા અને સૌને ઘેર પધરામણીએ પધારતા.

દયાળુ પ્રકૃતિને કારણે સંત-હરિભક્તો પ્રત્યે તેમને ઘણી આત્મીયતા હતી. દુષ્કાળના એક પ્રસંગે સૌ હરિભક્ત ઉપર લખેલા તેમના પત્રમાંથી તેમની આ ભાવના સમજી શકાય છે :

'...બીજું લખવા કારણ એમ છે જે, હમણાં આ દેશકાળ કઠણ છે તે માટે બાઈ-ભાઈ સમસ્ત ધર્મમાં રહીને શ્રીજીમહારાજને ભજજો ને શ્રીજીમહારાજને નિરંતર સંભારજો અને આપણા સર્વની ખબર તે શ્રીજીમહારાજ રાખશે.

'બીજું આપણા સત્સંગમાં કોઈ હરિભક્ત અન્ને કરીને દુઃખી થતો હોય એમ જણાતો હોય તો તે ગામના હરિભક્ત જે પહોંચવાળા હોય તે તે સર્વે મળીને... તે હરિભક્તની... ખબર રાખજ્યો અને તેને દુઃખી થાવા દેશો મા.

અને જો કદાપિ તે... બીજા હરિભક્ત તેની અન્ને કરીને ખબર રાખી શકે એમ ન હોય તો અમારે નામે અન્ન માંડીને તેની ખબર રાખવી અને અમારે નામે જે અન્ન માંડ્યું હશે તે અન્નનો અમે સર્વ હિસાબ મજરે આપશું.' (સંવત ૧૮૮૯, ભાદરવા વદ ૧૦, સોમવાર)

આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી પ્રત્યે ખૂબ જ પૂજ્યભાવ હતો. સંવત ૧૯૨૩ની સાલમાં આચાર્યશ્રી માંદા પડ્યા ને તેર ઉપવાસ થયા. કેટલીક માનસિક અશાંતિ પણ હતી. તેથી ખાસ ગુણાતીતાનંદ સ્વામીને અમદાવાદ તેડાવ્યા. સ્વામીનું સ્વાગત કરવા હાથી, ગાડાંઓ સાથે સાતસો સાધુ, પાળા, બ્રહ્મચારીને સામા મોકલ્યા. અમદાવાદમાં સ્વામીનું અદ્‌ભુત સન્માન થયું.

ઠાકોરજીનાં દર્શન કરી સ્વામી આચાર્ય મહારાજને મેડે તેમની તબિયત જોવા પધાર્યા. સ્વામીને જોઈ આચાર્ય મહારાજ ગદ્‌ગદ થઈ ગયા ને બોલ્યા : 'સ્વામી ! આપનાં દર્શનથી મને શાંતિ થઈ ગઈ.'

ત્યારબાદ સ્વામીએ કહ્યું : 'કર્તા શ્રીજીમહારાજ છે. એમની મરજી અનુસાર બધું થાય છે. આપે તેર દિવસથી અન્ન લીધું નથી, તો કાંઈક જમો અને કોઈ વાતની ઉદાસીનતા રાખશો નહિ. મહારાજ સારું કરશે.'

સ્વામીની આજ્ઞાથી મહારાજ જમ્યા. આચાર્ય મહારાજની વિનંતી સ્વીકારી રામનવમીનો સમૈયો સ્વામીએ અમદાવાદ કર્યો. સૌને ઉપાસનાની વાતો કરી શાંતિ પમાડી દીધી. આચાર્ય મહારાજના પુત્ર તથા ગાદીના વારસ શ્રી કેશવપ્રસાદજી મહારાજનું અંતઃકરણ સ્વામીની વાતોથી રંગાઈ ગયું ને પોતાની રજોગુણી પ્રકૃતિનો ત્યાગ કરી રોજ સાંજે કથામાં બેસવા લાગ્યા.

આચાર્ય મહારાજના આગ્રહથી સ્વામી બીજે દિવસે સંતમંડળ સાથે હવેલીએ જમવા પધાર્યા. આચાર્ય મહારાજે સ્વામી માટે સોનાનો થાળ મંગાવ્યો ને સ્વામીને સોનાના થાળમાં જમવા પ્રાર્થના કરી : 'હે સ્વામી ! આપ તો મહારાજનું સ્વરૂપ છો, તેથી આપને આ થાળમાં જમવામાં બાધ નથી. આપની સેવા તે મહારાજની જ સેવા છે એમ હું જાણું છું. આપને તો કચરો ને કંચન બધું સરખું છે. માટે કૃપા કરી થાળમાં જમો.'

સ્વામી તેમનો ભાવ જોઈ બહુ રાજી થયા, પરંતુ શ્રીજીમહારાજની આજ્ઞામાં રંચમાત્ર પણ ફેર પડવા ન દેવો એવો આગ્રહ સ્વામીનો હતો.

આચાર્ય મહારાજનો બહુ આગ્રહ હોવાથી સ્વામી પત્તરને સોનાના થાળમાં મૂકી, પત્તરમાં જ બાજરાનો રોટલો ને દાળ જમ્યા. સ્વામીનાં દર્શન-સમાગમથી આચાર્ય મહારાજને અંતરમાં શાંતિ શાંતિ થઈ ગઈ.

તેઓશ્રી વિદ્વાન હતા અને સદ્‌વિદ્યાની પ્રવૃત્તિ માટે હંમેશાં પ્રોત્સાહન આપતા. સત્સંગિજીવન ગ્રંથની તત્ત્વાર્થદીપિકા ટીકા તેમણે રચાવી. વળી, તેમનામાં કવિત્વ શક્તિ પણ હતી, જે એમનાં રચેલાં કેટલાંક કીર્તનો ઉપરથી પ્રતીત થાય છે.

સ્થાપત્યનો પણ તેમને સારો શોખ હતો. અમદાવાદ મંદિરની હવેલીનું કામ એમની પ્રેરણાથી થયું છે તથા ડુંગરપુર, ઇડર, જેતલપુર, સિદ્ધપુર, માંડવી, કચ્છ અને છપૈયા વગેરે સ્થળોએ સુશોભિત મંદિરો તેમણે કરાવરાવ્યાં છે.

અયોધ્યાપ્રસાદજી મહારાજે પોતાના ઉત્તરાધિકારી સુપુત્ર શ્રી કેશવપ્રસાદજી મહારાજને આચાર્યપદે સ્થાપી, સંવત ૧૯૨૪ના ફાગણ સુદ સાતમને દિને ભૌતિક દેહનો ત્યાગ કર્યો.

✧ ✧ ✧



ભક્તરાજ દાદાખાચર

# ભક્તરાજ દાદાખાચર

વાળાક દેશમાં ઉમેજ નામે ગામ છે. તેમાં લાખા પટેલની એક સુંદર વાડી હતી. તે વાડીમાં એક કેળના છોડ પાસે લીમડાનો છોડ હતો. વિઠ્ઠલાનંદ અને બાળાનંદ નામના બે સંતો ફરતાં ફરતાં અહીં આવ્યા. આ ઊગતા લીમડાને જોઈને તેમણે કહ્યું કે 'આ લીમડા નીચે ભગવાન બેસશે.'

આ વખતે ગઢડાથી એભલખાચર અને તેમના સાળા ઘેલા ધાધલ કંઈ કામ પ્રસંગે અહીં આવી પહોંચ્યા. તેમણે આ વાત સાંભળીને લાખા પટેલ પાસેથી તે છોડ માંગી લીધો. ગઢડા આવી પોતાના દરબારમાં છોડ રોપ્યો.

એભલખાચર મૂળ રામાનંદ સ્વામીના શિષ્ય હતા. 'રામાનંદ સ્વામીના અંતર્ધાન પછી સહજાનંદ સ્વામી એમની ગાદીએ આવ્યા છે' – એવું તેમણે સાંભળ્યું હતું. એવામાં સહજાનંદ સ્વામી કારિયાણી માચાખાચરને ત્યાં પધાર્યા. માચા ભક્તે એભલખાચરને સહકુટુંબ સહજાનંદ સ્વામીનાં દર્શને તેડાવ્યા. અહીં સૌ પ્રથમ એભલખાચરને શ્રીજીમહારાજનો મેળાપ થયો. પણ મહારાજ એક મોટા સાધુ છે, એવું તેમનું તે સમયનું અનુમાન હતું. ત્યારપછી મહારાજ છૂપા વેષે ગઢપુર આવી એભલખાચરના દરબારમાં રહ્યા અને તે પ્રસંગે એભલખાચરને દિવ્ય રૂપે દર્શન આપ્યાં ત્યારે એમને મહારાજનો મહિમા સમજાયો. ત્યારથી તેઓ ખરેખરા ભક્ત બન્યા. વળી, પ્રસંગે પ્રસંગે મહારાજ તેમણે રોપેલ લીમડા નીચે બેસતા, તેથી તેમનો આ નિશ્ચય વિશેષ દૃઢ થયો.

એભલખાચર(અભય રાજા)ને બે પત્નીઓ હતી : સોમાદેવી અને સુરપ્રભા. સોમાદેવીથી સંવત ૧૮૫૭ના પોષ વદ ૬ના શુભ દિને એમને પુત્રરત્ન પ્રાપ્ત થયું. એનું નામ 'ઉત્તમ' પાડવામાં આવ્યું. આ બાળકને 'દાદાખાચર' કહીને પણ સૌ વ્હાલથી બોલાવતા.

બાળપણથી જ દાદામાં ભક્તિના સંસ્કારો હતા. દાદાની યોગ્ય ઉંમર થતાં એભલખાચરે રાજ્ય કારભાર તેમને સોંપ્યો, પરંતુ પોતાના પુત્ર દાદા-ખાચર તથા સમગ્ર પરિવાર અને રાજ્યની સોંપણી તો તેમણે શ્રીજીમહારાજને

જ કરી. દાદાખાચર અને એમની બહેનોની અતિશય ભક્તિને વશ થઈ, મહારાજ દાદાના દરબારને જ પોતાનું ઘર માની, ત્યાં જ રહ્યા હતા.

દાદાખાચર સ્વભાવે પ્રેમાળ અને દિલના ઘણા ઉદાર હતા. પૂર્વની જાણે ઓળખાણ હોય તેમ બાળપણથી જ એમને મહારાજમાં અધિક પ્રીતિ હતી. એટલું જ નહિ, મહારાજના પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપનો મહિમાએ સહિત તેમને દૃઢ નિશ્ચય હતો.

ગઢપુરમાં મહારાજ રહેતા ત્યારે અનેક વાર ઉન્મત્ત ગંગા - ઘેલા નદીમાં સંતો-હરિભક્તો સાથે સ્નાન કરવા જતા. એક વખત મહારાજ સંતો-હરિભક્તો સાથે ઘેલા નદીએથી સ્નાન કરીને પાછા આવતા હતા. ત્યાં ટેકરા ઉપર સાધુ-બાવાઓ બેઠા હતા. તેમને જોઈને મહારાજે જીવાખાચર(દાદા-ખાચરના કાકા)ને કહ્યું : 'આ બાવાઓ આમ ખુલ્લામાં પડ્યા રહે તે કરતાં એમને ઉતારા માટે ધર્મશાળા કે એવું કંઈ કરી આપીએ તો ઠીક.'

તે સાંભળી જીવાખાચર કહે : 'મહારાજ ! આવા તો લંગોટિયા ઘણાય રખડતા હોય ! બધાનું આપણે ક્યાં ધ્યાન રાખીએ.'

આ સાંભળી મહારાજ કંઈ બોલ્યા નહિ.

આ જ વાત મહારાજે ફરીથી દાદાખાચરને કરી. દાદાખાચર તરત હાથ જોડી બોલ્યા : 'મહારાજ ! આપણો દરબાર સાધુઓને ઉતારા માટે આપીએ.'

'દરબારમાં સાધુઓને ઉતારશો તો તમે ક્યાં રહેશો ?' મહારાજે પૂછ્યું.

'મહારાજ ! અમે તો નદીકિનારે, ઓઘામાં ક્યાંક પડ્યા રહેશું; પણ આવા ભગવાનના ભક્તને દુઃખમાં રખાય ?' દાદાખાચરે કહ્યું.

આ સાંભળી મહારાજના મુખમાંથી શબ્દો નીકળી ગયા : 'દાદો તે દાદો ! આવો બીજે ન મળે.'

આમ, મહારાજનો પડ્યો બોલ અદ્ધર ઝીલવા દાદાખાચર હંમેશાં તત્પર રહેતા. મહારાજની આજ્ઞા પાળવામાં તેઓ દેહની, ધનની કે કુટુંબની ફિકર કરતા જ નહિ. શ્રીજીમહારાજના આ વચને દાદાખાચરે પોતાના દરબારનો ઘણોખરો ભાગ સંતોને ઉતારા માટે કાઢી આપ્યો હતો. પોતે પણ સંતો સાથે રહેતા અને એમનાં પત્ની અને બહેનો સૌ સ્ત્રીભક્તો સાથે એક જુદા ઓરડામાં રહેતાં.

એક વખત વસોના ગિરધરભાઈ ગઢડા આવ્યા હતા. શ્રીજીમહારાજને

વસો પધારવાનું આમંત્રણ આપતાં તેમણે કહ્યું : 'તમે તો દાદામાં બંધાઈ ગયા છો. તે અમારે ઘેર શેના આવો ?'

મહારાજે કહ્યું : 'દાદાખાચરે તો પોતાનું સર્વસ્વ મને અર્પણ કર્યું છે. ઢોરનાં દૂધ, દહીં પણ ફક્ત સંતોને અર્થે જ કરી રાખ્યાં છે. તેની આવી ભક્તિ જોઈ, દાદાથી છૂટા થવાનું મન થતું નથી.'

આવા ભક્ત જ્યારે ભગવાનને આધીન રહે ત્યારે ભગવાન પણ તેવા ભક્તને આધીન થઈ જાય છે અને તે ભક્ત ગમે ત્યાં હોય પણ ભગવાન તેની સંભાળ રાખે છે.

એક વખત દાદાખાચર કોઈ કામ પ્રસંગે પરગામ ગયા હતા. ત્યારે કોઈ શત્રુઓ ગઢપુર ઉપર વાર લઈને ચઢી આવ્યા. મહારાજને આની ખબર પડી. તેઓ તેમના ઉતારામાં ગયા; બખ્તર પહેર્યું, ઢાલ અને તલવાર ધારણ કર્યાં અને પછી બહાર આવી બોલ્યા : 'તમે કોઈ ફિકર કરશો નહિ. હું એકલો હજારોનો નાશ કરી દઈશ.'

મહારાજની દૃષ્ટિથી શત્રુનું લશ્કર નાસી ગયું અને દાદાખાચરની ગેર-હાજરીમાં મહારાજે રાજ્યનું રક્ષણ કર્યું.

દાદાખાચર મહારાજની બહુ સેવા કરતા અને મહારાજ પણ તેમની સેવાની વારંવાર પ્રશંસા કરતા. જીવાખાચરને તેથી દાદાખાચર પ્રત્યે ઈર્ષા થવા લાગી. દાદાખાચરને સંતાન ન હતું તેથી તેનો ગરાસ લઈ લેવાની તેમને ઘણી વાર ઇચ્છા રહેતી. તે અરસામાં દાદાખાચર ઘણા માંદા થયા હતા. ત્યારે જીવાખાચરને થયું કે 'દાદો મરશે અને ગરાસ મને મળશે.'

અંતર્યામી મહારાજે એના સંકલ્પો ખોટા કરવા તે વખતે દાદાખાચરને કહ્યું : 'દાદા ! તારો ગરાસ આ બે બહેનોને લખી આપ.'

કોઈપણ જાતના સંશય વગર દાદાખાચરે તરત પોતાનો તમામ ગરાસ હતો તે બંને બહેનોને લખી આપ્યો, પણ મનમાં વિચાર સરખો ન કર્યો કે 'અમે શું ખાઈશું ?'

મહારાજે તેને પછી પૂછ્યું : 'હવે તમે શું કરશો ?'

ત્યારે દાદાખાચરે કહ્યું : 'હું ભાવનગર જઈને રાજ્યમાં નોકરી કરીશ.'

પછી મહારાજે બંને બહેનોને બોલાવીને પૂછ્યું : 'તમારે ગરાસ અંગે ભાવનગર રાજ્ય સાથે કામકાજ તો પડશે જ, ત્યારે તમે શું કરશો ? માટે એક

ચાકર રાખો.' એમ નક્કી કરી દાદાખાચરને પાછા બોલાવ્યા. તેમને કહ્યું : 'તમારે બીજે નોકરી શોધવી પડે તે કરતાં અહીં દરબારમાં રહો ને બહેનોનું કામકાજ કરો.'

દાદાખાચરે રાજી થઈને તે આજ્ઞા પણ માથે ચડાવી. લગભગ એક વર્ષ સુધી બહેનોના ગરાસનું તેમણે કામકાજ સંભાળ્યું.

એક સમયે વળી, મહારાજે બંને બહેનોને બોલાવીને આજ્ઞા કરી : 'તમારે ગરાસ રાખીને શું કામ છે ? આપી દો દાદાખાચરને ?' એમ કહી દાદાખાચરના નામે ગરાસ લખી દેવરાવ્યો. એમ ગરાસ પાછો દાદાખાચરને જ સોંપી દીધો.

મનની આવી આકરી કસોટીમાંથી દાદાખાચર જેવા ઉત્તમ વિશ્વાસુ ભક્ત જ પસાર થઈ શકે. આવું બીજાથી ન બની શકે.

જીવાખાચરે એક વખત દાદાખાચર પ્રત્યે દ્વેષથી ભાવનગરના વજેસિંહ દરબારને અવળા શબ્દો ભરાવતાં કહ્યું : 'દાદાખાચરના દરબારમાં સ્વામિ-નારાયણ એની બહેનો ભેળા રહે છે. આથી, અમારા કુટુંબનું બહુ ખોટું દેખાય છે. માટે તમે દાદાખાચરને સભામાં બોલાવી ઠપકો દ્યો તો સારું.'

સ્વામિનારાયણનો મહિમા નહિ જાણનાર ભાવનગર દરબારને દાદા-ખાચરના કુટુંબની આ વાત જાણી બહુ દુઃખ થયું. દાદાને જરૂર સભામાં બોલાવી ઠપકો આપવા તેમણે નિર્ણય કરી લીધો. જીવાખાચરનો હેતુ ખોટો હતો. તેને તો દાદાની અપકીર્તિ કરાવવી હતી. વળી, વજેસિંહ બાપુના શબ્દોથી તે કદાચ મહારાજને પોતાને ત્યાંથી રજા દઈ દે તેવી પણ તેની ઇચ્છા હતી.

ભાવનગરની રાજ્યસભામાં દરબાર વજેસિંહે દાદાખાચરને પૂછ્યું : 'તમે તમારી બહેનોને સ્વામિનારાયણને ભળાવી દીધી છે ?'

નિધડકપણે દાદાખાચરે દરબારને સંભળાવી દીધું : 'કોઈ કાઠીને ભળાવી દેત, તે કરતાં આ તો ભગવાન છે. જેને મરીને પામવા હતા તે દેહ છતાં જ મળ્યા તે એનાં મોટાં ભાગ્ય ! એમ અમે સમજીએ છીએ.'

દાદાખાચરની નિષ્ઠા જોઈને વજેસિંહ દરબાર કશું બોલી શક્યા નહિ. જીવાખાચરના મનની મનમાં રહી ગઈ !

દાદાખાચરના દરબારમાં મહારાજ જે ઉતારામાં રહેતા તે 'અક્ષર

ઓરડી' તરીકે ઓળખાતી.

મહારાજ એક વાર અક્ષર ઓરડીમાં બિરાજમાન હતા. કાંઈક કામ પ્રસંગે મહારાજે દાદાખાચરને સાદ કર્યો. મહારાજનો સાદ દાદાખાચરે સાંભળ્યો, પરંતુ તે વખતે પોતે હજામત કરાવતા હતા અને અડધી જ હજામત થઈ હતી, પણ દાદાખાચરે હજામને એકદમ અટકાવ્યો અને કહ્યું : 'હમણાં રાખ, મહારાજ મને બોલાવે છે.' એમ કહીને ઊઠ્યા. માથે કપડું વીંટી દીધું અને અક્ષર ઓરડીમાં મહારાજ પાસે આવ્યા.

મહારાજે પૂછ્યું : 'દાદા ક્યાં હતો ?'

'હજામત કરાવતો હતો.'

'હજામત થઈ રહી ?'

'ના મહારાજ ! હજુ અડધી બાકી છે.'

'જુઓ, આને કેટલો અમારો વિશ્વાસ છે !' મહારાજ બોલ્યા અને દાદાખાચરને હજામત પૂરી કરાવવા પાછા મોકલ્યા.

દાદાખાચરને ભાવનગર રાજ્ય સાથે પોતાના ગરાસ સંબંધી ઘણા સમયથી કેસ ચાલતો. તેનો કોઈ ચુકાદો આવતો જ નહિ. જ્યારે જ્યારે દાદાખાચર કેસના કામ અંગે ભાવનગર જતા ત્યારે મહારાજ એમને આશીર્વાદ આપતા; પરંતુ ગમે તે કારણસર દરેક વખતે કામ આગળ ઠેલાતું. છતાં દાદાખાચરને મનમાં જરા પણ શંકા થતી નહિ કે 'મહારાજ આશીર્વાદ આપે છે છતાં કાર્ય કેમ થતું નથી.'

એક વાર ખળામાં બાજરો તૈયાર પડ્યો હતો, ત્યાં જેઠ માસમાં માવઠું થયું તે બધો બાજરો તણાઈ ગયો. આખા વર્ષની ઊપજ પળવારમાં નાશ પામી ગઈ; પણ દાદાખાચરને તેનો રંજ ન થયો. 'મહારાજ જે કરતા હશે તે અમારા સારા માટે જ કરતા હશે,' એવું એમને સમજણનું બળ હતું અને મહારાજ પ્રત્યે નિર્દોષભાવની ભક્તિ હતી.

દરબારમાં ઘણી બાઈઓ રહેતી હતી. એક વખત એક બાઈ દરબારમાંથી ચોવીસો રૂપિયાની ચોરી કરીને જતી રહી. ગઢડાના સીમાડા સુધી ગઈ પણ પછી આગળ જવાની તેને દિશા જડી નહિ. એકલું ગઢડું જ દેખાય. તેથી તે પાછી આવી અને રૂપિયા દરબારમાં આપ્યા. મહારાજને આ વાતની ખબર પડી. ત્યારે તેમણે દાદાખાચરને કહ્યું : 'આ બાઈનું માથું કાપી નાખો.'

દાદાખાચરે કહ્યું કે 'મહારાજ ! બાઈ વૃદ્ધ છે અને વળી તમારું નામ જપે છે તેને કેમ મરાય ?'

પરંતુ મહારાજે દાદાખાચરને જરા આકરા શબ્દોમાં કહ્યું કે 'તમે આ પ્રમાણે કરશો તો તમને કોણ ગાંઠશે ?'

'પણ મહારાજ ! આપનું ભજન કરે તેને કેમ મરાય ?' દાદાખાચરે ફરીથી તે જ વાત કરી. મહારાજ બહુ રાજી થયા અને દાદાખાચરને પોતાનો પ્રસાદીનો હાર આપ્યો.

ઘેલા નદીને કાંઠે ટેકરા ઉપર ગઢપુરમાં મહારાજે મંદિર કરવાનો સંકલ્પ કર્યો. પોતે જાતે તે ટેકરા ઉપર ફરી મંદિરની જગ્યા પસંદ કરી. આ ટેકરામાં જીવાખાચરનો પણ ભાગ હતો. તેથી મહારાજે તેમની પાસે તેની માગણી કરી. ત્યારે તેમણે મહારાજને કહી દીધું કે 'દાદાને તો કોઈ પાછળ ખાનાર નથી ને અમારે તો કુટુંબ ઘણું મોટું છે. માટે મારાથી નહિ બને.'

આથી, મહારાજ ઉદાસ થઈને ગઢપુરથી ચાલી નીકળ્યા અને સારંગપુર આવી મંદિર કરવા સંકલ્પ કર્યો.

આ સમાચાર સાંભળી દાદાખાચર અને એમની બહેનો સૌ કલ્પાંત કરતાં સારંગપુર આવ્યાં અને કોઈપણ રીતે ગઢપુરમાં જ મંદિર કરવા મહારાજને બહુ આજીજી કરી. તેમનો અતિશય ભાવ જોઈને મહારાજ ગઢપુર પાછા પધાર્યા. દાદાખાચરે પોતાને રહેવાનો તમામ દરબાર મંદિરને માટે લખી આપ્યો.

જીવાખાચરના શબ્દો મહારાજના મનમાં રહી ગયા હતા. મહારાજે વિચાર કર્યો કે 'દાદાને મારે ફરી પરણાવવો છે અને તેનો વંશ જીવાખાચરને બતાવવો છે.'

દાદાખાચર તો પોતે મહારાજની આજ્ઞાથી સાંખ્ય વર્તમાન પાળતા હતા અને તેમના મનમાં જગતની લેશપણ વાસના ન હતી; પણ મહારાજના અતિ આગ્રહથી ફરી પરણવા પોતે સંમત થયા. જેમ શ્રીકૃષ્ણે અર્જુનનો રથ હાંક્યો તેમ મહારાજે દાદાખાચરનો રથ હાંક્યો અને જાન લઈને ભટવદર ગયા. અહીંના દરબાર નાગપાલ વરુની પુત્રી જસુબા સાથે મહારાજે દાદાખાચરના વિવાહ ધામધૂમથી કરાવ્યા. જસુબાને પણ મહારાજને વિષે અતિશય સ્નેહ હતો. થોડાં વર્ષ બાદ દાદાખાચરને બે પુત્રો થયા હતા : બાવાખાચર અને

અમરાખાચર.

દાદાના દરબારમાં જ મહારાજે વિશાળ મંદિરનો આરંભ કર્યો અને તેના પાયામાં પૂરવા માટે, સૌ પ્રથમ પોતે જ ઘેલામાંથી પથરો માથે મૂકીને લાવ્યા હતા. અહીં મહારાજે પોતાના જ માપની ગોપીનાથજી દેવની ચમત્કારી મૂર્તિ પધરાવી દાદાખાચરનો સંકલ્પ પૂરો કર્યો.

મહારાજ અંતર્ધાન થયા ત્યારે અગ્નિદાહ સમયે દાદાખાચર મહારાજનો વિરહ સહન ન કરી શકતાં તે અગ્નિમાં જ પડવા તૈયાર થયા હતા; પણ સૌ સંતો-હરિભક્તોએ તેમને પકડી રાખ્યા. ગુણાતીતાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામીએ તેમને ઘણી ધીરજ આપી. તે વખતે મહારાજે તેમને સાક્ષાત્ દર્શન આપી, ગુલાબનો હાર પહેરાવ્યો અને શાંતિ પમાડી.

પોતાના દેશકાળ સાધારણ હોવા છતાં પણ મહારાજ અખંડ ગઢપુરમાં બિરાજે એમ દાદાખાચર ઇચ્છતા. પોતાને આંગણે મોટા મોટા ઉત્સવો થાય, હજારો સંતો-હરિભક્તો આવે, ભીડો ઘણો પડે પણ લેશમાત્ર એમનું મન મોળું પડતું નહિ. ઊલટું, એમનું અંતર આનંદથી ઊછળતું. આવો પ્રેમ અખંડ એમને રહેતો. આવી એમની પ્રેમલક્ષણા ભક્તિ જોઈ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ એમની ભક્તિને વશ થઈ ત્રીસ વર્ષ એમના દરબારમાં રહ્યા, એ જ એમની ઉત્તમ ભક્તપણાની પ્રતીતિ કરાવે છે.

સંવત ૧૯૦૯માં મહારાજનું અખંડ સ્મરણ કરતાં દાદાખાચરે ગઢડામાં જ દેહ મૂક્યો અને અક્ષરધામમાં મહારાજની સમીપે અખંડ સેવામાં બિરાજ્યા !

✧ ✧ ✧



ભક્તરાજ લાડુબા

# ભક્તરાજ લાડુબા

ગઢડાના એભલખાચરને પરિવારમાં બે મોટી દીકરી ને એક નાનો દીકરો હતો. તેમાં વચેટ દીકરી તે લાડુબા. એમનું બીજું નામ લલિતા પણ હતું.

રૂપમાં, ગુણમાં સુંદર લાડુબા બુદ્ધિશાળી પણ ઘણાં જ હતાં. પૂર્વના અતિશય શુભ સંસ્કારને યોગે બાળપણથી જ તેમને પ્રભુમાં પ્રીતિ હતી. સારાં ખાન-પાન, પહેરવેશનો બાળપણથી જ તેમણે ત્યાગ કરીને શ્રીજીની ભક્તિમાં મન પરોવ્યું હતું. મહારાજનું અખંડ સ્મરણ, સેવા અને નિષ્કામ ધર્મની દૃઢતા આ તેમનાં વિશેષ અંગ હતાં. પુરુષમાત્રથી તેઓ સદા પંદર હાથ છેટે રહેતાં. આવી નિષ્કામ ધર્મ પાળવાની દૃઢ રુચિ તેમણે કેળવી હતી.

મહારાજને વિષે પ્રેમલક્ષણા ભક્તિએ કરીને જોડાયેલાં લાડુબા ગોપીઓની જેમ પ્રભુને મનથી વરી ચૂક્યાં હતાં; પરંતુ એભલખાચરની ઈચ્છા અને આગ્રહને લીધે તેમને સાંસારિક સંબંધમાં જોડાવું પડ્યું હતું. બોટાદના ખોડા ધાધલ સાથે તેમનાં લગ્ન થયાં હતાં; પરંતુ તેમની વૃત્તિ તો ભગવાનમાં જોડાયેલી જ હતી. આથી, ખોડા ધાધલે એમને રાજીખુશીથી ભગવાન ભજવાની રજા આપી ઘેર વળાવ્યાં. પહેલાં તો એભલખાચર રોષે ભરાયા, પણ સાસરિયાંની રજાચિઠ્ઠી જોઈને કાંઈ બોલી શક્યા નહિ. લાડુબા દરબારમાં રહીને પ્રભુભક્તિ કરવા લાગ્યાં.

દાદાખાચરના દરબારને મહારાજે પોતાનું ઘર માન્યું હતું. બંને બહેનો તથા દાદાખાચરને પણ મહારાજ પ્રત્યે અપાર પ્રેમ હતો. મહારાજને છોડે જ નહિ. મહારાજની સાથે દરબારમાં સંતો પણ ઘણા રહેતા. વળી, સમૈયા-ઉત્સવો પણ મહારાજ અનેક વાર ગોઠવતા ને દેશદેશના હરિભક્તો તથા સંતોને તેડાવતા.

મહારાજના લાડીલા સંતો-હરિભક્તોની સેવા સારી રીતે થાય એ હેતુથી દાદાખાચરે પોતાની બહેનોને સમૈયા-ઉત્સવોમાં બધી જવાબદારી સંભાળવા વિનંતી કરી.

આ વાતની મહારાજને ખબર પડી તેથી મહારાજે કહ્યું : ‘બંને બહેનોને

સાથે સેવા કરવામાં ખેંચાતાણ થશે, પણ શુક્લ પક્ષના ઉત્સવો જીવુબા કરે ને કૃષ્ણ પક્ષના ઉત્સવો લાડુબા કરે.'

બંને બહેનોએ રાજી થઈને મહારાજની આજ્ઞા ઝીલી લીધી.

એટલામાં અન્નકૂટનો ઉત્સવ આવ્યો. લાડુબાએ જીવુબા પાસે જઈને વિનંતિ કરી : 'હે બહેન ! દશેરાનો ને પૂર્ણિમાનો ઉત્સવ તમે કર્યો છે. આ શુકલ પક્ષનો અન્નકૂટોત્સવ મને કરવા દ્યો.'

પ્રથમ તો જીવુબાએ ના પાડી ને કહ્યું : 'તમે દિવાળીના ઉત્સવો કરો. આ તો હું જ કરીશ.'

'પણ શાસ્ત્રમાં દિવાળી ને અન્નકૂટોત્સવ ભેળો જ ગણાય છે' – એમ જ્યારે લાડુબાએ સમજાવ્યું ત્યારે જીવુબાએ અન્નકૂટોત્સવ કરવા છૂટ આપી. બંને બહેનો વચ્ચે સેવા માટે આવી ખેંચતાણ હંમેશાં થતી.

લાડુબાએ ખૂબ જ પરિશ્રમથી બધી સખીઓની મદદથી સુંદર અન્નકૂટ તૈયાર કર્યો. તે વખતે મહારાજ મૂર્તિમાં રહીને પ્રત્યક્ષપણે થાળ જમ્યા અને થાળની વિવિધ વાનગીઓની ખૂબ જ પ્રશંસા કરી. પછી સંતોની પંક્તિમાં ફરીને મહારાજે સૌને જમાડ્યા.

બીજે દિવસે જીવુબા, લાડુબા, રાજબા, સુરબા વગેરે ઘણી બાઈઓની સભા ભરાઈને બેઠી હતી. તે સમે ઓરડામાં એકદમ તેજ વ્યાપી ગયું. તે તેજમાં એક આકૃતિ દેખાઈ. બાઈઓએ મહારાજને પુછાવ્યું ત્યારે મહારાજ કહે : 'તે તો ભક્તિમાતા છે. તેમને પૂછો જે, કેમ આવ્યાં છો ને અહીં રોકાશો ?'

તે પ્રમાણે ભક્તિમાતાને જ્યારે પૂછ્યું ત્યારે તેમણે કહ્યું : 'તમે અન્ન-કૂટમાં બહુ જ સેવા કરી, તેથી અમે રાજી થઈને તમને દર્શન આપ્યાં છે.'

ફરી રહેવા માટે વિનંતિ કરી ત્યારે ભક્તિમાતાએ કહ્યું : 'હું તો પતિવ્રતા છું. એટલે તમે સૌ જો ધર્મ રાખશો તો હું રહીશ.'

આ સાંભળી બાઈઓએ કહ્યું : 'અમે ધર્મ રાખીશું.'

ત્યારે ભક્તિમાતા બોલ્યાં : 'તો અમે અમારા પુત્ર શ્રીજીમહારાજ સહિત અહીં રહીશું.' એમ કહી ભક્તિમાતા અદૃશ્ય થઈ ગયાં.

મહારાજ બંને બહેનોને ત્યાં થાળ જમતા. ક્યારેક જીવુબાને ત્યાં વધુ જમે તો લાડુબાનું મન દુખાય ને જો લાડુબાને ત્યાં મહારાજ વધુ જમે તો

જીવુબાનું મન દુખાય. આવી પ્રેમભક્તિની સ્પર્ધા બંને બહેનો વચ્ચે ચાલતી. તેથી મહારાજે એવી વ્યવસ્થા કરી કે એક પક્ષમાં જીવુબાને ત્યાં જમવું ને બીજા પક્ષમાં લાડુબાને ત્યાં જમવું. તેમાં પણ ક્યારેક તિથિની વધઘટ થાય તો આ બહેનોને સંતોષ ન થાય. પછી મહારાજે દસ-દસ દિવસના વારા ગોઠવી આપ્યા, ત્યારે બંને બહેનોને સંતોષ થયો.

એક વખત લાડુબાને સંશય થયો કે 'દુર્વાસા બધી ગોપીઓના થાળ એકલા જમી ગયા તે સાચું હશે ?'

તેમણે મહારાજને પુછાવ્યું. મહારાજ કહે : 'શાસ્ત્રની વાત સાચી જ હોય. તમને અનુભવ કરાવીશું.'

ત્યારબાદ થોડા દિવસ પછી લાડુબાએ મહારાજ સહિત ત્રીસ ભક્તોને પોતાને ત્યાં જમવાનું આમંત્રણ આપ્યું. મહારાજે સૌથી પહેલાં સચ્ચિદાનંદ સ્વામીને જમવા મોકલ્યા કારણ કે તેમને વાડી સંભાળવા જવાનું હતું. લાડુબા તો સ્વામીને પિરસાવવા લાગ્યાં. તેઓ ધીરે ધીરે કરતાં તૈયાર કરેલી બધી જ રસોઈ જમી ગયા છતાં ધરાયા નહિ. એટલે લાડુબાએ બાજરાના રોટલા કરીને જમાડ્યા. છતાં બોલ્યા : 'હજુ લાવો.'

લાડુબાએ મહારાજને કહેવરાવ્યું, એટલે મહારાજે કહ્યું : 'હવે પાણી આપો.' એટલે પાણી આપ્યું ત્યારે સ્વામીએ ચળું કર્યું. મહારાજે લાડુબાને દુર્વાસાની વાત યાદ કરી આપી અને એમની શંકા દૂર કરી.

સવારમાં મહારાજને દૂધ પાવાનો લાડુબાને નિયમ. તેઓ એક દિવસ સવારે કટોરો ભરીને દૂધ લાવ્યાં. મહારાજને દૂધમાં દુર્ગંધ આવી, તેથી દૂધ ન પીધું અને કહ્યું : 'ભેંશે લસણ ખાધું છે, તેથી દૂધમાં તેની દુર્ગંધ આવે છે. હવેથી અમને દૂધ આપવું હોય તો ભેંશને ઘેર બાંધી રાખવી અને પાણી પણ અહીંથી સીંચીને પાવું પણ બહાર નીસરવા દેવી નહિ. ક્યાંય ચરવા જવા દેવી નહિ. તો અમે તે ભેંશનું દૂધ પીશું.'

પછી લાડુબાએ તે પ્રમાણે ભેંશની પણ ચાકરી ઘરે શરૂ કરી. એવી રીતે તેઓ મહારાજને દૂધ જમાડતાં.

ગઢપુરમાં તેજા ઠક્કર નવી ભેંશ લાવેલા. તેનું દૂધ તાંબડી ભરીને તેમણે ઘરવાળાં સાથે દરબારમાં મોકલ્યું. લાડુબાને ભલામણ કરી કે મહારાજને જમાડજો. મહારાજને દૂધ બહુ મીઠું લાગ્યું. લાડુબાને સંકલ્પ થયો કે

'મહારાજને પિવરાવવાને માટે આપણે આ ભેંશ હોય તો કેવું સારું ?'

તેજા ઠક્કર આવ્યા એટલે મહારાજે દૂધ વખાણ્યું. તેની ભેંશ જોવા જાતે પધાર્યા. પછી મહારાજે ભેંશની માગણી કરી. તેજા ઠક્કર ભેંશ આપવા કબૂલ થયા. એટલે મહારાજે તેમને પૂછ્યું : 'તમારાં છોકરાં શું ખાશે ?'

'અમે તો વેપારી. બીજી ભેંશ લાવીએ.' તેજા ઠક્કરે કહ્યું.

મહારાજે ભેંશની કિંમત સો રૂપિયાની આંકી. પછી ભગુજી ભેંશ દોરીને દરબારમાં લઈ આવ્યા ને લાડુબાએ ભેંશની કિંમત રાજી થઈને ચૂકવી દીધી.

ગઢપુર છોડીને મહારાજ જ્યારે બહાર જતા ત્યારે દાદાખાચર ને બહેનો અત્યંત દુ:ખી થઈ જતાં. સૌએ મહારાજનાં દર્શન કરી જમવાનો નિયમ રાખ્યો હતો, જેથી મહારાજ ક્યાંય જાય નહિ. પરંતુ મહારાજે દરબારમાં વાસુદેવ નારાયણની મૂર્તિ પધરાવી ને સૌને તેનાં દર્શન કરી જમવાની આજ્ઞા આપી.

એક વખત મહારાજ સાથે લાડુબા, જીવુબા તથા અન્ય સ્ત્રીઓ પણ જવા તૈયાર થયાં. મહારાજે ના પાડી ને ઘોડી ઉપર બેસી કાઠીઓ સાથે નીકળી ગયા, પણ ઘોડી ગઢડાને સીમાડેથી પાછી વળી ને દરબારમાં આવીને ઊભી રહી. મહારાજ ને બીજા ઘોડેસવારોએ તેને ચલાવવા માટે ઘણો પ્રયત્ન કર્યો, પણ ઘોડી તો આગળ ચાલીને પાછી વળે. એમ ત્રણ વાર માણકી પાછી વળી. તેથી મહારાજે કહ્યું : 'આ ડોશીઓ ઘોડીની વૃત્તિ ખેંચી રાખે છે.'

પછી મહારાજે ડોશીઓને સાથે ચાલવા આજ્ઞા આપી ને માણકી ઘોડી ચાલી. સૌ વરતાલ આવ્યાં. તે ઉપર પ્રેમાનંદ સ્વામીએ કીર્તન રચ્યું : *'માણકીએ ચઢ્યા રે મોહન વનમાળી... નથી જાતી દરબારમાંથી ઘોડી...'*

મહારાજ એક સમયે લાડુબાને ઓરડે જમવા પધાર્યા. જમાડતી વખતે લાડુબાએ મહારાજને બે હાથ જોડી વિનયપૂર્વક પૂછ્યું : 'મહારાજ ! કૃષ્ણાવતારમાં આપને કોણ નવરાવતું ને જમાડતું ?'

આ સાંભળી મહારાજ હસી પડ્યા ને બોલ્યા : 'તમે અમને ઓળખ્યા નહિ. અમે સર્વ અવતારના અવતારી છીએ ને આ પૃથ્વી ઉપર આવ્યા નથી ને સ્વયં આવશું પણ નહિ.'

શિયાળાના દિવસો હતા. અક્ષર ઓરડીમાં ઢોલિયા ઉપર મહારાજ પોઢ્યા હતા. બાજુમાં સગડી મૂકી હતી. મૂળજી બ્રહ્મચારી ને નાજા જોગિયા ઊંઘી ગયા હતા. મહારાજે ઓઢેલી ગોદડીનો છેડો સગડીમાં પડ્યો ને ગોદડી

બળવા લાગી. એટલામાં મહારાજ જાગી ગયા ને સેવકોને જગાડ્યા. મહારાજે બળેલી ગોદડી જોઈને કહ્યું : 'આ ગોદડી બળી ગઈ. હવે આપણે શું જવાબ દેવો ? આપણે અહીંથી જતા રહીએ.'

નાજા જોગિયાએ દરબારમાં જઈને લાડુબા તથા જીવુબાને વાત કરી. બહેનોએ કહેવરાવ્યું કે 'એવી ગોદડીઓ તો ઘણી છે; મહારાજથી કાંઈ અધિક નથી.'

બહેનોએ ગુણ લીધો તે સાંભળી મહારાજ રાજી થયા ને બોલ્યા : 'આપણે એમની ગોદડી બાળીએ તોપણ અભાવ લેતાં નથી.'

આ અરસામાં મહારાજે ડોશીઓને પોતાનાં દર્શન કરવાની બંધી કરી હતી, પરંતુ તેમના આવા ભાવથી રાજી થયા અને નાજા જોગિયાને કહ્યું : 'એમને દર્શન કરવાં આવવા દ્યો.'

પછી નાજા જોગિયાએ કમાડ ખોલીને ડોશીઓને દર્શન કરાવ્યાં, મહારાજે બળેલી ગોદડી બતાવી. બહેનોએ નવી ગોદડીઓ લઈ મહારાજની સેવામાં આપી.

શ્રીજીમહારાજ જાણે પોતાના ભક્તોને લાડ લડાવવા જ પધાર્યા હોય એમ દાદાખાચર, લાડુબા તથા જીવુબાને અત્યંત સુખ આપ્યું, રાજી કર્યાં.

મહારાજે અંતર્ધાન થવાનો સંકલ્પ કર્યો. લાડુબા, જીવુબા, જસુબા વગેરે બહેનોએ મહારાજને બહુ પ્રાર્થના કરી, આજીજી કરી, પરંતુ મહારાજે કહ્યું : 'અમે તો સત્સંગમાંથી જતા જ નથી. પ્રગટ જ છીએ. ગોપીનાથજીની મૂર્તિમાં રહીને તમને દર્શન આપીશું.' અને મહારાજ અંતર્ધાન થઈ ગયા.

મહારાજના વચન અનુસાર ખરેખર આ બહેનોને ગોપીનાથજીની ત્રિભંગી મૂર્તિની જગ્યાએ મહારાજની મૂર્તિનાં દર્શન થતાં, પરંતુ ગોપીનાથજીની મૂર્તિ ન દેખાતી.

આમ, મહારાજે પોતાના આવા અનન્ય ભક્તનાં લાડકોડ પૂરાં કરી, અંત સમય સુધી સદા તેમને પોતાની પ્રગટ મૂર્તિનું સુખ આપ્યું.

✧ ✧ ✧



સ્વામી જાગા ભક્ત

# સ્વામી જાગા ભક્ત

સ્વામી જાગા ભક્તના પૂર્વાશ્રમના પિતાનું નામ રાઘવ ભક્ત અને માતાનું નામ રતનબાઈ હતું. રાઘવ ભક્ત રામચંદ્રજીના પરમ ઉપાસક હતા. ગામમાં રામાયણની કથા થતી હોય ત્યારે કામધંધો પડતો મૂકીને કથા સાંભળવા ચાલ્યા જતા.

સંવત ૧૮૮૨માં બ્રહ્મચારી આનંદાનંદજી ફરતાં ફરતાં આંબરડી (જોગીદાસ ખુમાણના) ગામે પધાર્યા ત્યારે પૂર્વના મુક્ત રાઘવ ભક્તને એમનું આકર્ષણ થયું. 'શ્રીજીમહારાજ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ, સર્વોપરી, સર્વ અવતારના અવતારી, પ્રગટ બિરાજે છે' એવો અપાર મહિમા સાંભળી તેઓ વર્તમાન ધરાવી દૃઢ આશ્રિત થયા.

તેમનું હૈયું ભક્તિભાવથી રંગાઈ ગયું. તેઓ વારંવાર ગઢડા જતા અને નંદ સંતોનો સમાગમ કરતા.

આવા ભક્તિભાવના આકર્ષણથી તેમણે *'શ્રી સહજાનંદ મહારાજ હરિ, જાશો મા પળ એક વીસરી...'* એ કીર્તન રચી શ્રીજીમહારાજની દિનચર્યા અને બીજી લીલાઓ વિસ્તારથી વર્ણવી છે.

તેમના પર પ્રસન્ન થઈ આનંદાનંદ સ્વામીએ કહ્યું : 'રાઘવ ભક્ત ! તમે તો પૂર્વના સંસ્કારી મુક્ત છો અને તમારે ત્યાં અક્ષરધામના મુક્ત જન્મ ધારણ કરશે.'

આ આશીર્વાદના ફળરૂપે જાગા ભક્તનો જન્મ આંબરડી ગામમાં આ પવિત્ર રાઠોડ કુટુંબમાં સંવત ૧૮૮૩ના આસો વદ ૨ ને સોમવારે થયો હતો.

બાળપણથી જ જાગા ભક્ત સ્વભાવે અતિશય શાંત અને ગરીબ હતા. સાંસારિક પદાર્થો અને વિષયો તરફ તેમને સહજ જ અરુચિ હતી. સવારે વહેલા ઊઠવું, નાહવું, પૂજા કરવી, બાળમિત્રો સાથે ધ્યાન-ભજનનો આનંદ લેવો, આ બધું તેમના જીવનમાં સ્વાભાવિક હતું.

સંવત ૧૮૯૫માં જાગા ભક્તને મોટા પરમાનંદ સ્વામીનો યોગ થયો અને સત્સંગના મહિમાની તથા શ્રીજીમહારાજના પ્રગટપણાની વાતો સાંભળી

તેમને બહુ જ આનંદ થયો.

રાઘવ ભક્ત પોતાના ધંધા સારુ મૂળ વતન આંબરડી છોડી, બાઢડા આવીને રહેવા લાગ્યા.

ચૌદ વર્ષની નાની વયમાં જાગા ભક્તને હામાપરમાં અમરબાઈ સાથે પરણાવ્યા હતા, છતાં જાગા ભક્તની વૃત્તિ સંસારથી ઉદાસ જ રહેતી.

પંદરમે વર્ષે જાગા ભક્ત સખત માંદા પડ્યા. તેમના કુટુંબીઓને એમ થયું કે 'આ છોકરો રહેશે નહિ.'

પરંતુ શ્રીજીમહારાજે તેમને દર્શન આપી કહ્યું : 'તમે તો અમારી ઈચ્છાથી જ દેહ ધર્યો છે, તેથી થોડા વખતમાં સારું થઈ જશે.'

તેમને શરીરે સારું થયું. આ પ્રસંગથી સૌને જાગા ભક્ત પ્રત્યે ઘણો અહોભાવ જાગ્રત થયો.

આ પ્રમાણે શ્રીજીમહારાજ ઘણી વાર તેમને સ્વપ્નમાં દર્શન આપી, અલૌકિક સુખ આપતા હતા.

ધીરે ધીરે જાગા ભક્ત મોટા થવા લાગ્યા. તેઓ સમૈયા-ઉત્સવ પ્રસંગે વરતાલ અને ગઢડા જતા. વરતાલમાં ગોપાળાનંદ સ્વામીના યોગમાં તેઓ આવ્યા. તેમનો સમાગમ કરી તેમની અતિશય પ્રસન્નતા મેળવી.

સંવત ૧૯૦૩માં જાગા ભક્ત વરતાલ આવ્યા હતા. મહુવાથી પ્રાગજી ભક્ત તથા ઝીણાભાઈ પણ આવ્યા હતા. રાતના બાર વાગ્યા સુધી ભજન-કીર્તન થયા બાદ સૌ સૂઈ ગયા હતા. તે વખતે ગોપાળાનંદ સ્વામી પાસે આ ત્રણે ભક્તોએ હાથ જોડી પૂછ્યું : 'હે સ્વામી ! આ દેહે જ શ્રીજીમહારાજ તથા તમારાથી એક ક્ષણ પણ વેગળું ન રહેવાય એવો ઉપાય કૃપા કરીને બતાવો !'

ત્યારે ગોપાળાનંદ સ્વામીએ આજુબાજુ જોયું. કોઈ જાગતું ન હતું. પછી કહ્યું : 'શ્રીજીમહારાજ સર્વ અવતારના અવતારી પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે અને આ ગુણાતીતાનંદ સ્વામી (જે ત્યાં સૂતા હતા) શ્રીજીમહારાજને રહેવાનું ધામ છે, એમ સમજવું; તથા ધામરૂપ અક્ષરબ્રહ્મનો સમાગમ કરી, અક્ષરરૂપ થઈ, પુરુષોત્તમ નારાયણની ઉપાસના કરવી; તો ગૃહસ્થાશ્રમમાં રહેશો કે ત્યાગી થશો તોપણ શ્રીજીમહારાજ તથા અમારાથી જરાય છેટું નહિ રહે.'

ગુણાતીતાનંદ સ્વામીનો આવો અપાર મહિમા ગોપાળાનંદ સ્વામીને મુખેથી પ્રથમ વાર જ સૌએ સાંભળ્યો.

સંવત ૧૯૦૮માં ગોપાળાનંદ સ્વામી દેહત્યાગ કરી ધામમાં પધાર્યા. જાગા ભક્તને ગોપાળાનંદ સ્વામી સાથે અતિશય હેત થઈ ગયું હતું. સ્વામીના ધામમાં જવાના સમાચારથી તેઓ બહુ જ ઉદાસ થઈ ગયા અને તેમને શરીરે તાવ આવી ગયો.

રાત્રે ગોપાળાનંદ સ્વામીએ સ્વપ્નમાં દર્શન આપી વાત કરી : 'અમોએ તમને કહ્યું હતું કે ત્યાગી થવું હોય તો જૂનાગઢ જજો.' એમ કહી સ્વામી અદૃશ્ય થઈ ગયા.

સવારે જાગીને જાગા ભક્તે ઘરનો ત્યાગ કરવાનો દૃઢ નિર્ધાર કરી લીધો. સંવત ૧૯૦૯માં જૂનાગઢ તરફ ચાલી નીકળ્યા.

જાગા ભક્ત જૂનાગઢ ગયા અને ગુણાતીતાનંદ સ્વામીને પોતાનું સર્વ વૃતાંત્ત કહ્યું. ગુણાતીતાનંદ સ્વામી ઘણા જ રાજી થયા, પરંતુ તેમના પિતા રાઘવ ભક્ત તેમને શોધવા ગઢડે આવ્યા. અહીં જાગા ભક્ત ન મળ્યા એટલે જૂનાગઢ જવા તૈયાર થયા. ગઢડાના મહંત મહાપુરુષદાસજીએ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ ઉપર ભલામણનો પત્ર લખી આપ્યો. તે પત્ર લઈ રાઘવ ભક્ત જૂનાગઢ આવ્યા.

સ્વામીએ તરત જ જાગા ભક્તને કહ્યું : 'જાગા ભક્ત ! તમારે તો આણું આવ્યું ?'

આ સાંભળી જાગા ભક્ત મૂંઝાયા. તેમણે મનમાં દૃઢ નિર્ધાર કરી રાખ્યો હતો કે 'કોટિ કલ્પે ગૃહસ્થને માર્ગે ચાલવું નથી.'

પછી સ્વામીએ કહ્યું : 'આ ફેરે જઈ આવો.'

તરત જ જાગા ભક્તે વિચાર કર્યો કે 'આચાર્ય મહારાજ સુધી આ વાત જશે તો બહુ ઉપાધિ થશે અને વાત વણસી જશે.' તેથી પોતે સામેથી પિતાને કહ્યું : 'તમે મને તેડવા આવ્યા તે બહુ સારું કર્યું. હું તો ક્યારનો વાટ જોઈને જ બેઠો હતો કે કોઈ તેડવા આવે તો સારું. ચાલો, હું તમારી સાથે આવું છું. ઘેર બેઠાં બેઠાં ભજન કરીશું.'

રાઘવ ભક્તે આચાર્ય મહારાજને આપવાની ચિઠ્ઠીની યાદી આપી ત્યારે જાગા ભક્તે કહ્યું કે 'કાગળનું કાંઈ કામ નથી, હું ઘેર આવવા તૈયાર છું.' એમ કહી કાગળ ફાડી નાંખ્યો.

રાઘવ ભક્ત બે દિવસ જૂનાગઢ રહી, સ્વામીની રજા લઈ જાગા ભક્ત

સાથે ઘેર આવ્યા.

રસ્તામાં ખારચિયું ગામ આવ્યું. રાત્રે સૌ સૂતા હતા અને મણિધર સાપ છાપરેથી નીચે આવ્યો. સૌ ગભરાઈ ગયા. તે વખતે જાગા ભક્તે તેના સામું જોઈ કહ્યું : 'તારે માર્ગે ચાલ્યો જા.' તરત જ તે સર્પ સીધો ચાલ્યો ગયો.

તેમનાં માતા-પિતાને તથા પત્ની અમરબાઈને જાગા ભક્ત પ્રત્યે અહોભાવ તો હતો જ, પણ ઉપરના બનાવથી તે વધુ દૃઢ થયો.

તેમનાં પત્નીને થયું કે 'જાગા ભક્તને ત્યાગી થવામાં પોતે જ અંતરાય-રૂપ છે.' તેથી એક દિવસ રાઘવ ભક્તની રૂબરૂમાં જ જાગા ભક્તને કહ્યું : 'મારાથી તમારો કોઈ અપરાધ થયો હોય તો ક્ષમા કરશો. તમને ત્યાગી થવા માટે હું ખુશીથી હા પાડું છું ને હું પણ સાંખ્યયોગી બાઈઓનાં વર્તમાન પાળીને શ્રીજીમહારાજનું ભજન કરીશ.'

આ વચનો સાંભળી રાઘવ ભક્તે અતિ પ્રેમથી ગદ્‌ગદ થઈને કહ્યું : 'મને પણ એક વખત ગોપાળાનંદ સ્વામીએ મર્મમાં કહ્યું હતું કે તમારા દીકરા અનંતનો ઉદ્ધાર કરશે.'

એમ કહી ફરી બોલ્યા : 'તમે તો ભગવાનના મહાન ભક્તરાજ છો. માટે તમારે ત્યાગી થવું હોય તો સુખેથી જૂનાગઢ જાઓ. અમારી એટલી પ્રાર્થના છે કે અમારા અંતકાળ વખતે શ્રીજીમહારાજ અમને તેડવા પધારે.'

એવી રીતે સર્વની સંમતિ લઈ જાગા ભક્ત જૂનાગઢ આવ્યા. દીક્ષા ગ્રહણ કરી સ્વામીની સેવામાં રહ્યા.

સંવત ૧૯૧૦ના શિયાળામાં આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ જૂનાગઢ પધાર્યા. સાંખડાવદરના બીડમાં મંદિરનું એંસી હજાર પૂળા ખડ પડ્યું હતું. તે સાચવવાનું હતું. સ્વામીને તેની ચિંતા હતી. તેથી સ્વામીએ કેટલાક ભગતોને સાંખડાવદરના બીડમાં જવા કહ્યું. આચાર્ય મહારાજની હાજરીમાં મંદિરમાં રોજ રસોઈઓ થતી હોય તથા કથાવાર્તા થતી હોય તે છોડીને ત્યાં જવા કોણ તૈયાર થાય ?

જ્યારે સ્વામીએ જાગા ભક્તને પૂછ્યું કે 'તમે સાંખડાવદરના બીડમાં જશો ?' ત્યારે જાગા ભક્તે તો ગદ્‌ગદ થઈને કહ્યું : 'હે સ્વામી ! મને તો 'જા' એમ જ કહેવું. હું તો આપનો જ સેવક છું. તેથી મારે તો આપની આજ્ઞા એ જ સમૈયો છે.'

સ્વામીની આજ્ઞાથી એક સેવકને લઈ જાગા ભક્ત સાંખડાવદરના બીડમાં ગયા.

જૂનાગઢમાં આચાર્ય મહારાજ સત્તર દિવસ રહ્યા. જાગા ભક્ત સ્વામીની અનુવૃત્તિ પાળી બીડમાં ખડ સાચવવા રહ્યા. ત્યાં શ્રીજીમહારાજે તેમને અખંડ દર્શન દઈ ઘણો આનંદ કરાવ્યો. સ્વામીએ તેમને જતી વખતે કહ્યું હતું કે 'અમે જે જે આજ્ઞા કરીએ છીએ તેમાં ભગવાનની મૂર્તિ આપીએ છીએ.' એમ જાગા ભક્તને મહારાજની મૂર્તિનું સુખ આપ્યું.

જ્યારે રઘુવીરજી મહારાજને જૂનાગઢથી નીકળવાનું હતું ત્યારે સ્વામીએ બે પાર્ષદ મોકલી જાગા ભક્તને તેડાવ્યા. જાગા ભક્તને જોઈને સ્વામીએ રઘુવીરજી મહારાજને તેમની ઓળખાણ કરાવતાં કહ્યું : 'આ જાગા ભક્ત અમારી આજ્ઞાથી સમૈયાનો કે દર્શનનો લોભ છોડીને સત્તર દિવસ સુધી બીડ સાચવવા રહ્યા.'

આ વાત સાંભળી આચાર્ય મહારાજ બહુ રાજી થયા અને તેમને છાતીમાં ચરણારવિંદ આપીને મળ્યા અને કહ્યું : 'સ્વામીને રાજી કર્યા તે સાક્ષાત્ શ્રીજીમહારાજને તમે રાજી કર્યા છે. એ બેમાં ફેર સમજવો નહિ.'

ત્યારે સ્વામીએ કહ્યું : 'આ જાગા ભક્ત તો અમારા ખરા સેવક છે, નહિ તો આવી આજ્ઞા સાધારણથી પળાય જ નહિ.'

એક દિવસ જાગા ભક્ત અંતરમાં જરા ઉદાસ થઈ ગયા. સ્વામી પાસે આવ્યા અને કહ્યું : 'પાછોતરો (પાછળથી) દેહ આવ્યો તેથી શ્રીજીમહારાજનાં દર્શન થયાં નહિ અને મહારાજની મૂર્તિનું સુખ લેવાયું નહિ. તેથી અંતરમાં ઉદાસીનતા રહે છે.'

સ્વામી કહે : 'મહારાજની મૂર્તિનાં ચાર સુખ છે – દર્શન, પ્રસાદી, વાતું ને મળવું. એ ચારે સુખ આજથી મારે તમને આપવાં. તમને શ્રીજી-મહારાજનો આકાર દેખાતો નથી, પણ શ્રીજીમહારાજ આ સ્વરૂપ દ્વારા અખંડ પ્રગટ છે.'

આ વાત સાંભળી જાગા ભક્તને ઘણો જ આનંદ થયો ને મહારાજ સત્સંગમાં કદી પરોક્ષ થતા જ નથી એ વાતની વિશેષ દૃઢતા થઈ. ઉદાસીનતા ટળી ગઈ.

બાબરિયાવાડમાં સ્વામી તથા સંતો બારપટોળી જતા હતા. સ્વામી

ગાડામાં બેઠા હતા. જાગા ભક્ત અને સંતો પણ જૂનાગઢથી વરતાલ જતા હતા. તે અહીં ભેગા થયા. સંતોએ સ્વામીને હાર પહેરાવ્યો. સ્વામી સર્વને મળ્યા અને ગાડામાં બેઠાં બેઠાં જાગા ભક્તને દૃષ્ટિ દ્વારે મળ્યા અને પૂછ્યું : 'અંતરે સુખી છો ને ?'

જૂનાગઢમાં સ્વામી જાગા ભક્તને સીત્તેર વખત મળ્યા હતા અને એક મહિનામાં ચાલીસ વખત મળ્યા હતા, પણ તે કરતાં પણ વધુ સુખ આ પ્રસંગે દૃષ્ટિ દ્વારા મળીને સ્વામીએ તેમને આપ્યું.

અહીં સ્વામીએ બપોરની સભામાં યોગેશ્વરદાસ સ્વામી પાસે ગ.પ્ર. ૬૧મું વચનામૃત વંચાવી ઘણી વાતો કરી : 'ભગવાનના ભક્તને આ લોકમાં દુઃખ આવે છે કારણ કે આ લોક જ દુઃખદાયી છે.' એમ કહી સ્વામીએ જાગા ભક્તને કહ્યું : 'તમને જે દુઃખ આવે છે તે સૌ તમને મારા જાણીને દુઃખ આપે છે, પણ મારા મટી જાઓ તો કોઈ તમને કહેશે નહિ. આ વચનામૃત તમારું કરી રાખજો.'

જાગા ભક્ત તો આ સાંભળી ગદ્‌ગદ થઈ ગયા. તેમણે કહ્યું : 'હે સ્વામી ! તમારા તો એક શ્રીજીમહારાજ છે, હું તો તમારો નથી. છતાં આપે દયા કરી પોતાનો માન્યો છે, તો નભાવજો.'

તેમનાં આવાં દીનવચન સાંભળીને સ્વામી રાજી થયા.

પછી સ્વામી બોલ્યા : 'બીજા રોજ તમને ટોકે તે મારાથી ખમાતું નથી. માટે તમે જૂનાગઢ જાઓ.'

ત્યારે જાગા ભક્તે કહ્યું : 'સ્વામી ! મને જે કહેવું હોય તે ભલે કહે. મેં કેટલુંક તો લોકને માથે નાખ્યું છે, કારણ કે આ લોક દુઃખરૂપ છે. કેટલુંક દુઃખ આ પંડને માથે નાખ્યું છે, કારણ કે આ દેહ પણ દુઃખરૂપ છે. અને કેટલુંક રજોગુણ, તમોગુણના વેગ ઊઠે એટલે દુઃખ જેવું લાગે છે. માટે દુઃખ થશે તો દેહને કે સ્વભાવને થશે, પણ મને તો જરાય દુઃખ થશે નહિ. મારે તો આપની મરજી પ્રમાણે જ વર્તવું છે.'

ત્યારે સ્વામીએ કહ્યું કે 'તમારા સેવકોને પણ આ પ્રમાણે સમજાવી રાખ્યું હોય તો ભેગા આવો. અમારે વાંધો નથી.'

સ્વામી જૂનાગઢમાં હતા તે દરમિયાન જાગા ભક્તને દર્શન, પ્રસાદી, વાતું અને મળવું – આ ચારે પ્રકારે અપાર સુખ આપ્યું હતું.

સ્વામીના અંતર્ધાન થયા પછી જાગા ભક્ત જૂનાગઢમાં જ રહેતા. સ્વામીનો સાડા ચૌદ વર્ષ સુધી સમાગમ કર્યો. સ્વામીએ તો જૂનાગઢમાં તેમજ સોરઠ દેશના હરિભક્તોને ચાલીસ વરસ સુધી ઘણી વાતો કરી હતી. તેમાં જાગા ભક્તે પણ સ્વામીના સમાગમમાં આવ્યા પછી આ સમાગમનો લાભ લીધો હતો અને તેમની વાતો લખી લીધી હતી, જે ‘સ્વામીની વાતું’ના ત્રીજા પ્રકરણમાં પ્રસિદ્ધ થઈ છે. ગુણાતીતાનંદ સ્વામીનો અભિપ્રાય જાણવા માટે એ વાતો મોટું સાધન છે. મુમુક્ષુને માટે અમૂલ્ય મૂડી છે અને બ્રહ્મભાવને પમાડી મૂકે તેવી અદ્‌ભુત આ વાતો છે.

જાગા ભક્ત આચાર્ય મહારાજની આજ્ઞાથી જૂનાગઢ વિભાગમાં સંત-મંડળ સાથે ફરવા પણ જતા. આમ, તેમણે સોરઠમાં હરિભક્તોને વર્ષો સુધી વાતો કરી, અપાર સુખ આપ્યું હતું. તેમની વાતોમાં સોરઠ દેશના હરિભક્તોને ગુણાતીતાનંદ સ્વામીની વાતોના જેવું સુખ આવતું અને સમાસ બહુ થતો. તેથી બાળમુકુંદ સ્વામી, કૃષ્ણચરણ સ્વામી, માધવચરણ સ્વામી, માધવપ્રિય સ્વામી, નારાયણચરણ સ્વામી વગેરે સંતો ગામડાંઓમાં વિચરણ દરમિયાન મહિમાપૂર્વક તેમને સાથે ફેરવતા.

તેમની ઉપદેશની શૈલી સાદી પણ સચોટ અને હૃદયવેધક હતી. તેથી નાના-મોટા સૌ હરિભક્તોનાં હૃદય પરિવર્તન થઈ જતાં. ‘શ્રીજીમહારાજ સર્વ અવતારના અવતારી અને સર્વ કારણના કારણ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે તથા ગુણાતીતાનંદ સ્વામી શ્રીજીમહારાજના આદર્શ ભક્ત તથા મહારાજને રહેવાનું ધામ છે’ – એ નિષ્ઠા દૃઢ કરાવી, અનેકને મોક્ષમાર્ગે તેમણે વાળ્યા હતા.

તેમનું અણિશુદ્ધ વર્તન ત્યાગીઓને પણ અનુકરણીય હતું. પાર્ષદ પંક્તિમાં હોવા છતાં અષ્ટ પ્રકારે સ્ત્રી-ધનનો ત્યાગ તેઓ રાખતા. સાજા-માંદે અપવાદ સિવાય નિરંતર પંક્તિમાં બપોરના એક વખત જ જમતા. મંદિરની પાંચે સમયની કથામાં પોતે હાજરી આપતા અને જે મુમુક્ષુ ત્યાં બેઠા હોય તેમને વાતો કરી રાજી કરતા.

સ્વામી જાગા ભક્ત અત્યંત ગરીબ પ્રકૃતિના હતા. વાતોના પ્રસંગે તેઓ કહેતા : *‘પારકી ક્રિયા, પારકો આકાર કે પારકા દોષ જોવા નહિ.’*

તેમને સૌ સંત-હરિભક્તોનો અપાર મહિમા હતો. સૌને તેઓ સ્વામી-

સ્વરૂપ જ દેખાતા. શાસ્ત્રીજી મહારાજ પાસે અક્ષરપુરુષોત્તમની નિષ્ઠાવાળા ગુજરાતના હરિભક્તોની નામાવલિ તેમણે લખાવી લીધી હતી; જેનો તેઓ પૂજા પછી નિત્ય પાઠ કરતા. આવું મહિમાનું તેમનું અદ્‌ભુત અંગ હતું !

તેઓ કહેતા કે 'અવગુણ લેવાનું મન થાય તો આપણા દેહનો, જાતિનો અને સ્વભાવનો અવગુણ લેવો, પણ ભગવાનના ભક્તનો તો અવગુણ લેવો જ નહિ. અમે સ્વામી ભેગા રહ્યા પણ કોઈ દિવસ તેમને ઓશિયાળા કર્યા નથી; તેમ આપણે મોટાપુરુષને કદાપિ ઓશિયાળા ન કરવા, પણ તેમના ઓશિયાળા થઈને રહેવું.'

તેઓ સદા કહેતા : 'સંત-સમાગમ કરવો, જડ-ચૈતન્યનો વિવેક જાણવો, પંચવિષય, દેહાભિમાન અને અવળો પક્ષ મૂકવા, ભગવાનનું સ્વરૂપ સમજવું અને બ્રહ્મ થઈ પરબ્રહ્મને રાખવા.'

તેમનો અત્યંત મહિમા પ્રવર્ત્યો હતો અને ઘણા શિષ્યો તેમને આસને સમાગમ માટે આવતા. નાગર બ્રાહ્મણ, લોહાણા, કણબી, કડિયા, ગરાસિયા વગેરે સર્વ જ્ઞાતિઓના હરિભક્તો તેમના સમાગમનો લાભ લેતા હતા અને તેમને વિષે સૌને ગુરુભાવ હતો, તેથી તેમના શિષ્યો તેમને ભગવાન સમજે છે એવી ખોટી વાતો દ્વેષીઓએ ઉડાવી.

આ સંબંધી એક નાગર હરિભક્તે તેમને જ્યારે પૂછ્યું ત્યારે તેમણે કહ્યું : 'ભગવાન તો એક સહજાનંદ સ્વામી છે, પરંતુ તેમના સંબંધે અને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના સંબંધે મુમુક્ષુઓ ભક્ત બને છે, સંત બને છે અને એકાંતિક સ્થિતિ પ્રાપ્ત કરે છે, પણ ભગવાન તો કોઈ થઈ શકતું જ નથી.'

'ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે, શ્રીજીમહારાજને રહેવાનું ધામ છે અને સ્વામીને યથાર્થ ઓળખ્યા વગર ધામમાં જવાશે નહિ' – એવી વાતો ગુણાતીતાનંદ સ્વામીના વખતમાં ભગતજી મહારાજ છડેચોક કરતા. આ શુદ્ધ ઉપાસનાના પ્રવર્તનમાં સ્વામી જાગા ભક્તનો ફાળો પણ અમૂલ્ય હતો. તેમણે પણ આ રહસ્યમય વાતો પોતાના હેતવાળા અનેક સંત-હરિભક્તોને કરી હતી અને તે પ્રમાણે અક્ષરપુરુષોત્તમની ઉપાસનાનો ઉદ્‌ઘોષ ગુજરાત તથા કાઠિયાવાડમાં થયો હતો.

સંવત ૧૯૫૩માં જૂનાગઢમાં જન્માષ્ટમીનો સમૈયો અદ્‌ભુત રીતે ઊજવાયો. ભગતજી મહારાજ તથા સ્વામી જાગા ભક્ત બહુ વર્ષો પછી મળ્યા.

ગુણાતીતાનંદ સ્વામી વખતના જૂના જૂના પ્રસંગો યાદ કરી ખૂબ આનંદ કર્યો. હરિભક્તો પણ બહુ જ રાજી થયા.

આવી સત્સંગની ભરજુવાની જોઈને જાગા ભક્તને અંતરમાં થયું કે 'હવે સત્સંગમાં અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓ બેસે તો કોઈને ઉપાસનામાં સંશય ન રહે.'

તેથી આચાર્ય મહારાજના લાડીલા શાસ્ત્રીજી મહારાજ મારફત આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજને કહેવરાવ્યું કે 'તમે જો અક્ષરપુરુષોત્તમની જોટે મૂર્તિ પધરાવો અને સત્સંગિજીવન જેવો અક્ષરપુરુષોત્તમના મહિમાનો ગ્રંથ કરાવો તો મહાપુરુષ જેવા બે દીકરા મહારાજ આપે.'

વિહારીલાલજી મહારાજ નિર્વંશ હતા, તેથી દીકરાની લાલચે જરૂર આ વાત માનશે એવી જાગા ભક્તને શ્રદ્ધા હતી; પણ શાસ્ત્રીજી મહારાજ વાત કરી પાછા આવ્યા ત્યારે તેમના પગ ઢીલા દીઠા.

સ્વામી જાગા ભક્તે પૂછ્યું : 'શું થયું ?'

શાસ્ત્રીજી મહારાજે કહ્યું : 'મહારાજ કહે છે – જાગા ભક્ત તો વચન-સિદ્ધ પુરુષ છે અને એ કહે તો મહાપુરુષ જેવા દીકરા થાય એ સાચું, પણ આ ભેખ - ત્યાગી આગળ મારું કાંઈ ચાલે નહિ. મારાથી તે ન બને.'

જાગા ભક્તને એકદમ કોઈ ગોળી મારે ને વસમું લાગે તેવું વસમું લાગ્યું. પંદર મિનિટ તો કાંઈ બોલ્યા નહિ. પછી કહે : 'મને એમ કે છોકરા માટે લોકો લાખો રૂપિયા ખર્ચે છે, જોષીઓ બોલાવે છે ને ખર્ચે છે, તો આપણે છોકરો આપીશું તો જરૂર હા પાડશે ને જોટે મૂર્તિ બેસશે, પણ ના પાડી.' તેઓ બહુ ઉદાસ થઈ ગયા.

થોડી વાર પછી શાસ્ત્રીજી મહારાજને તેમણે કહ્યું : 'તું ન કરે ?'

ત્યારે શાસ્ત્રીજી મહારાજે કહ્યું : 'અમારે તો એવું કે એક પૈસાનું પત્તું કોઠારી પાસે લેવા જઈએ ત્યારે કોઠારી હજારો પ્રશ્નો પૂછે, 'તમારે ક્યાં વિવાહ છે ? ક્યાં લગ્ન કરવાં છે ? ક્યાં કાગળ લખવા છે ?' એક પૈસાનું પત્તું જોઈતું હોય તો આ દશા છે. તો મંદિર તો ક્યાંથી બને ? એ તો રાજાનું કામ કાં આચાર્યનું કામ.'

ત્યારે જાગા ભક્ત કહે : 'તમે સંકલ્પ જેટલા કરો તેટલા અમારે સિદ્ધ કરવા. માટે તમે સંકલ્પ કરો કે મારે કરવું છે. ભગતજી મળ્યા છે ને એમનો

રાજીપો છે તેથી આ થઈ જશે.'

તે સાંભળી શાસ્ત્રીજી મહારાજે કહ્યું : 'તો સારું.'

આથી, જાગા ભક્ત બહુ જ રાજી થયા અને મંદિરોમાં અક્ષર-પુરુષોત્તમની જોટે મૂર્તિઓ બેસી ગઈ હોય તેવો આનંદ તેમણે અનુભવ્યો.

સંવત ૧૯૫૪માં જૂનાગઢના નવાબને ત્યાં લગ્ન પ્રસંગ હતો. આ પ્રસંગે રાજ્યના આમંત્રણથી દ્રાવિડ દેશના કમળનયન શાસ્ત્રી જૂનાગઢ આવ્યા હતા. પવિત્રતા જળવાય અને વાતચીતમાં સુગમતા રહે તેથી તેમણે કોઈ શાસ્ત્રી સાથે રહેવાનો વિચાર કર્યો. એવા શાસ્ત્રી સ્વામિનારાયણ મંદિરમાં હતા. એટલે તેમને ત્યાં ઉતારો આપવામાં આવ્યો. કોઠારી જીભાઈને કામ પ્રસંગે વેરાવળ જવું પડે તેમ હતું. તેથી પોતાના સ્નેહી શાસ્ત્રીજી મહારાજને આ પરદેશી શાસ્ત્રીની ભલામણ કરીને ગયા.

સ્વામિનારાયણ મંદિરનું પવિત્ર વાતાવરણ તથા સ્ત્રી-ધનના ત્યાગી સાધુઓનાં દર્શન કરી શાસ્ત્રીને ઘણો જ આનંદ થયો. તેમની ઇન્દ્રિયોની વૃત્તિઓના વેગ શમી ગયા. ચિત્તમાં એક પ્રકારનો અપૂર્વ આનંદ અનુભવવા લાગ્યા. તેમણે મનમાં વિચાર કર્યો કે 'મેં આખા હિન્દુસ્તાનમાં યાત્રા કરી છે, મોટાં મોટાં મંદિરો જોયાં છે, પણ આવી દૈવી શાંતિનો અનુભવ થયો નથી. તે શાંતિ આ શાસ્ત્રી યજ્ઞપુરુષદાસના સંગથી થાય છે. માટે આ જરૂર બ્રહ્મ-નિષ્ઠ હોવા જોઈએ અને તેમને કોઈ મહાસમર્થ ગુરુ મળ્યા હોવા જોઈએ.'

એમ વિચાર કરી, દ્રાવિડી શાસ્ત્રીએ શાસ્ત્રીજી મહારાજને પૂછ્યું કે 'હે સ્વામીજી ! તમારી વાતોથી સૌને આનંદ આવે છે. વળી, તમારાં દર્શનથી પણ ઘણો આનંદ થાય છે. આ આનંદ ભગવાનનો છે. માટે મને લાગે છે કે તમને કાં તો ભગવાન અથવા કોઈ મહાત્માનો યોગ થયો છે. તો તે મહાત્મા પુરુષનાં દર્શન મને કરાવશો ?'

પરદેશી વિદ્વાનનો આવો પ્રશ્ન સાંભળી શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ વિચારમાં પડી ગયા. તેમને થયું કે 'આ શાસ્ત્રીને જાગા ભક્તને વિષે કદાચ મહાત્માપણાની પ્રતીતિ આવવી મુશ્કેલ છે.' તેથી તેઓ તેમને પ્રથમ મોટા સદ્‌ગુરુઓ પાસે લઈ ગયા. દરેકની ઓળખાણ કરાવી ને ખૂબ મહિમા કહ્યો, પરંતુ આ શાસ્ત્રી વિચક્ષણ હતા. તેમણે કહ્યું : 'આ સંતો મોટા ખરા, પણ તમારા ગુરુ - જેના તમે કૃપાપાત્ર શિષ્ય છો, તે કોણ છે તે ઓળખાણ

કરાવી નહિ.'

ત્યારે શાસ્ત્રીજી મહારાજ તેમને સભામંડપને મેડે લઈ ગયા. ત્યાં સ્વામી જાગા ભક્ત બિરાજ્યા હતા. સ્વામીએ કહ્યું : 'આમની કૃપાથી મને અંતરમાં અખંડ શાંતિ વર્તે છે, પરંતુ તે શ્વેતાંબરી છે તેથી પ્રથમ બતાવ્યા નહિ.'

દ્રાવિડી શાસ્ત્રી જાગા ભક્તનાં દર્શનથી ઘણા જ રાજી થયા. આ પ્રસંગે તેમણે જાગા ભક્તને સંસ્કૃતમાં પ્રશ્નો પૂછ્યા. શાસ્ત્રીજી મહારાજે તે તેમને ગુજરાતીમાં સમજાવ્યા. પછી જાગા ભક્તે તેનો ઉત્તર ગુજરાતીમાં કર્યો. તે શાસ્ત્રીજી મહારાજે તેમને સંસ્કૃતમાં સમજાવ્યું. આ પ્રમાણે ગ.પ્ર. ૫૪ અને ગ.મ. ૫૪ ઉપર જાગા ભક્તે વાતો કરી, તે સાંભળીને કમળનયન શાસ્ત્રીને અંતરમાં અપાર શાંતિ થઈ ગઈ. સાચા મહાત્મા આ જ છે - તેવી તેમના અંતરમાં પ્રતીતિ થઈ.

આવી અદ્‌ભુત પ્રતિભાવાળા સ્વામી જાગા ભક્તનું જીવનકાર્ય હવે પૂરું થતું હતું. જૂનાગઢના મંદિરમાં ત્યાગી થઈને સતત અડતાલીસ વર્ષ રહ્યા ને ગામડે ફરી અનેકને સન્માર્ગે વાળીને ઉપાસનાનું રહસ્ય સમજાવ્યું. તેમની દૃષ્ટિ હંમેશાં ઢળેલી રહેતી.

પોતે ઘણુંખરું પહેરણ કે ટૂંકું કેડિયું પહેરતા ને માથે લાંબો રૂમાલ બાંધતા. ધોતિયું ઊંચું પહેરવાની ટેવ હતી. કોઈ કોઈ વખત ભેટ પણ વાળતા. પાર્ષદ પંક્તિમાં હોવા છતાં ત્યાગી સાધુની જેમ જોડ વગર કદી એકલા બહાર જતા નહિ. ચાલતાં ચાલતાં જમણે હાથે માળા વીંટાળતા અને હાથમાં પરોણો રાખતા.

ભગતજી મહારાજ ધામમાં પધાર્યા ત્યારે છેલ્લી સેવાનો લાભ ન મળ્યો તેથી શાસ્ત્રીજી મહારાજને દુઃખ થયું હતું. તે વખતે સ્વામી જાગા ભક્તે કોલ આપ્યો હતો કે 'મારા અંત સમે તમને હું મારી પાસે તેડાવી લઈશ.'

સંવત ૧૯૫૭ના માગશર મહિનામાં સ્વામી જાગા ભક્તને શરીરે ઠીક રહેતું નહોતું. ડાંગરાના હરિભક્તોએ હવાફેર માટે ડાંગરા પધારવા વિનંતિ કરી. તેથી તેઓ ડાંગરા પધાર્યા, પણ મંદવાડ તો ચાલુ જ રહ્યો. રાજકોટથી કૃષ્ણજી અદા તથા બીજા હેતવાળા તમામ હરિભક્તો આવી ગયા હતા. તે વખતે સ્વામી જાગા ભક્તે શાસ્ત્રીજી મહારાજને તાર કરી તેડાવવા આજ્ઞા કરી.

શાસ્ત્રીજી મહારાજ પ્રભુદાસ કોઠારી સાથે સારંગપુર મંદિરનાં લાકડાં

લેવા બોટાદ પધાર્યા હતા. તે વખતે સારંગપુરથી પાર્ષદે આવી તાર આપ્યો : ‘અત્યંત ગંભીર માંદગી ગ્રહણ કરી છે ને તમને બહુ જ યાદ કરે છે, તો તાત્કાલિક ડાંગરા આવો.’

આ સમાચાર વાંચી શાસ્ત્રીજી મહારાજે ભાવનગર જવાનું બંધ કરી, તરત જ તે પાળાને ઘોડા ઉપર સારંગપુર મોકલ્યો. પોતાનું પત્તર તથા પૂજા-ધોતિયાં મંગાવ્યાં અને એક નાના સાધુને લઈને તે જ દિવસે બોટાદથી સીધા ડાંગરા પધાર્યા.

મહા સુદ ૭ના શાસ્ત્રીજી મહારાજ ડાંગરા પહોંચ્યા. સ્વામી જાગા ભક્તે ગંભીર મંદવાડ ગ્રહણ કર્યો હતો. કોઈને પણ પોતાના ઓરડામાં આવવાની બંધી કરી હતી. છતાં સૂચના આપી રાખી હતી કે ‘શાસ્ત્રી યજ્ઞ-પુરુષદાસ આવે તો મારી પાસે તરત લાવજો.’ આ સૂચના અનુસાર શાસ્ત્રીજી મહારાજને તરત જ તેમની પાસે લઈ ગયા.

જાગા ભક્ત ખાટલામાં બેઠા થઈ ગયા. અતિ વહાલથી શાસ્ત્રીજી મહારાજને ભેટ્યા. જાગા ભક્તની આ અંતિમ અવસ્થા છે એ શાસ્ત્રીજી મહારાજ સમજી ગયા અને તેમની આંખોમાંથી આંસુની ધારા ચાલી. જાગા ભક્તે શાસ્ત્રીજી મહારાજને ખૂબ સાંત્વન આપ્યું : ‘અમારું કાર્ય હવે પૂરું થયું છે. માટે મહારાજ ધામમાં તેડી જાય છે. હવે તમે કામ શરૂ કરશો. મહારાજ અને સ્વામી તમારી મદદમાં ભળશે અને સુખિયા કરશે.’ એમ કહી શાંતિ પમાડી.

સ્વામી જાગા ભક્તે શાસ્ત્રીજી મહારાજને આપેલ કોલ મુજબ બે દિવસ પોતાની સેવાનું અપાર સુખ આપ્યું. દશમની રાત્રે સૌ હરિભક્તો બેઠા હતા તે વખતે જાગા ભક્ત ઢોલિયામાં એકદમ બેઠા થઈ ગયા અને ‘જય સ્વામિનારાયણ’ કહી, સ્વતંત્ર થકા ધામમાં પધારી ગયા.

અક્ષરબ્રહ્મ શ્રીગુણાતીતાનંદ સ્વામીને સેવીને તેમની અપાર પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી, એવા સ્વામી જાગા ભક્તના ધામમાં જવાથી સત્સંગમાં ઘણી જ ખોટ પડી.

તેમના દેહનું ષોડષોપચારે સૌએ પૂજન કર્યું. નવાં વસ્ત્ર, નવી કંઠી પહેરાવી, ફૂલોના હારથી શણગાર કરી, પ્રથમ શાસ્ત્રીજી મહારાજે અને ત્યારબાદ સૌએ વારાફરતી આરતી ઉતારી. તેમના દેહને પાલખીમાં પધરાવી

ગામબહાર હાલ જ્યાં સમાધિ સ્થાન છે તે જગ્યાએ અગ્નિસંસ્કાર કર્યો.

શ્રી અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના પ્રવર્તનમાં સ્વામી જાગા ભક્તનો ફાળો અમૂલ્ય છે.

✧ ✧ ✧



શ્રી કૃષ્ણજી અદા

# શ્રી કૃષ્ણજી અદા

કૃષ્ણજી અદા અર્થાત કરસનજીભાઈ ઈન્દ્રજી વ્યાસ, મૂળ મેવાસાના રહીશ હતા. તેમના પિતામહ (દાદા) મુક્તરાજ કડવા વ્યાસ રામાનંદ સ્વામીના યોગમાં આવ્યા હતા. રામાનંદ સ્વામીએ તેમને પૂર્ણ પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામીની ઓળખાણ કરાવી હતી.

કડવા વ્યાસ સદાચારી બ્રાહ્મણ, સારા વિદ્વાન અને જ્યોતિષ શાસ્ત્રના જાણકાર હતા. સ્વામિનારાયણ ભગવાનના પ્રસંગથી તેઓ બીજા મંત્રોનો ત્યાગ કરી, અખંડ 'સ્વામિનારાયણ' મહામંત્રનો જાપ કરતા.

આવા ઉત્તમ બ્રાહ્મણ કુળમાં ઈન્દ્રજી વ્યાસનો જન્મ થયો. તેઓ બાળપણથી જ સંસ્કારી હતા. વ્યવહારમાં રહેવા છતાં સંસારમાં અનાસક્ત-ભાવે તેઓ રહેતા. તેમને બે પુત્રરત્નની પ્રાપ્તિ થઈ હતી. મોટા પુત્રનું હરજીવનભાઈ તથા નાના પુત્રનું નામ કરસનજીભાઈ.

કરસનજીભાઈનો જન્મ સંવત ૧૮૯૦માં શ્રાવણ સુદ પાંચમના રોજ થયો હતો. બંને ભાઈઓને બાળપણથી સત્સંગનો રંગ વારસામાં મળ્યો હતો. બંને વચ્ચે પરસ્પર ભાઈના હેત કરતાં પણ સત્સંગનું હેત વિશેષ હતું.

કરસનજીભાઈનાં લગ્ન અમૃતવેલના રહીશ અજરામર દવે અને પ્રેમબાનાં દીકરી લાડકીબા સાથે થયાં હતાં.

મેવાસાથી જૂનાગઢ પાસે જ હતું. તેથી આ ભાઈઓ મેવાસાના કેટલાક હરિભક્તો સાથે જૂનાગઢ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનાં દર્શન કરવા ગયા. તે સમયે જૂનાગઢમાં સ્વામીની આજ્ઞાથી ભગતજી મહારાજે કથાવાર્તાનો અખાડો માંડ્યો હતો. 'આ બેઠું છે તે અક્ષર, સૂતું છે તે અક્ષર,' એમ સ્વામી 'મૂળ અક્ષર' છે એવી મહિમાની અપાર વાતો તેઓ કરતા હતા. 'સ્વામી અક્ષર છે – એમ સમજશો તો જ અક્ષરધામમાં જવાશે, નહિ તો નહિ જવાય.'

એવી હૃદયભેદક વાતો સાંભળી કરસનજીભાઈને મનમાં થયું કે 'આ સ્વામી તો બહુ મોટા છે. તે કેટલાક દત્તાત્રેય, જડભરત અને ઋષભદેવ જેવા કહે છે તે કેવા હશે ?'

તે વખતે સભામાં એમનો સંકલ્પ જાણી ભગતજી મહારાજે તેમને સ્વામી તરફ બતાવી કહ્યું : 'આ બેઠા છે એ જ મૂળ અક્ષર છે અને મહારાજને રહેવાનું ધામ છે. ચાલો, સ્વામી પાસે. તેમની પાસે હું કહેવરાવું.'

તે વખતે સ્વામી બોલ્યા કે 'આ પ્રાગજી કહે છે એમ જ છે.'

ત્યારે મેવાસાના હરિભક્તોના સંશય ટળી ગયા અને સ્વામીના સ્વરૂપનો તેમને નિશ્ચય થયો.

કરસનજીભાઈ સ્વામીના સમાગમમાં આવ્યા પછી એક વખત સ્વામીએ તેમના પિતા ઇન્દ્રજીભાઈને કહ્યું : 'અહીં જૂનાગઢમાં બ્રહ્મચારી નાના છે. માટે તમે ત્યાગી થાઓ તો બ્રહ્મચારી કરીએ.'

ઇન્દ્રજીભાઈ દર વર્ષે એક માસ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરતા, પરંતુ પુત્રો નાના હતા તેથી તેમણે સ્વામીને કહ્યું : 'આ વહેવારની જવાબદારી છે તેનું શું કરવું ?'

સ્વામીએ કહ્યું : 'તમારા બંને દીકરાનો વહેવાર અમારા માથે. તેમનો વહેવાર સ્વામિનારાયણ ભગવાન ચલાવશે. માટે તમે નચિંત થઈ, અહીં ત્યાગી થઈને રહો એવી અમારી ઇચ્છા છે.'

ઇન્દ્રજીભાઈને સ્વામીના વચનમાં વિશ્વાસ હતો. તેથી તરત જ બધો ભાર પોતાને શિરેથી ઉતારી નાખ્યો અને જૂનાગઢ આવ્યા. આચાર્ય મહારાજે તેમને દીક્ષા આપી અને સ્વામીએ તેમનું નામ 'અખંડાનંદ બ્રહ્મચારી' રાખ્યું.

સ્વામી મેવાસા બે વખત પધાર્યા હતા. પહેલી વખત કરસનજીભાઈ મેવાસામાં ન હતા. બીજી વખત સંવત ૧૯૨૩માં છેલ્લે જૂનાગઢથી સ્વામી નીકળ્યા પછી વંથળી, ઉપલેટા, ધોરાજી વગેરે ગામોમાં ફરતાં ફરતાં મેવાસા પધાર્યા. સ્વામીને ગોંડળ જવાની ઉતાવળ હતી, પરંતુ કરસનજીભાઈ, હરજીવનભાઈ, શંકર મહારાજ, લુહાર કેશવજી, સુથાર મેઘજી તથા ઝીણો ઠક્કર – એ સૌ હરિભક્તોના અપાર પ્રેમને વશ થઈ બપોરે જમવા માટે રાજી થઈને રહ્યા. સ્વામીએ કહ્યું : 'અમે જમીશું. તમે રસોઈ તૈયાર રાખજો. રોટલા કરજો પણ લાડુ કરશો નહિ. અમે કાલે સવારના પહોરમાં ત્યાં આવીશું અને જમીને ત્યાંથી ચાલીશું.'

બીજે દિવસે સ્વામી કંડોરડાથી નીકળી વહેલી સવારે મેવાસા પહોંચી ગયા. કરસનજીભાઈ તથા હરજીવનભાઈએ રસોઈ તૈયાર કરી રાખી હતી.

દરેક સંત-હરિભક્તને એક એક લાડુ આવે તેવી ગણતરી કરીને મોટા લાડુ કર્યા હતા.

સ્વામી જમવા બેઠા. રોટલાથી ઢાંકેલો ત્રાંબાનો ત્રાસ લઈને તેઓ સ્વામી પાસે આવ્યા. સ્વામીએ રોટલા નીચે લાડુ જોઈને મીઠો ઠપકો આપ્યો. ત્યારબાદ હરગોવિંદદાસજીએ પીરસવાનું શરૂ કર્યું. સંતોનાં પત્તરમાં બબ્બે લાડુ મૂકવા જતા હતા તે રોકીને સ્વામીએ કહ્યું : 'બધાને એક એક લાડુ આપો. એકુકો ગણીને કર્યો છે.'

સ્વામી તો થોડો લાડુ ગ્રહણ કરી અડદની દાળ ને રોટલા જ જમ્યા. બપોરે કથા કરી, થોડો આરામ કરી, રજા લીધી.

આ પ્રમાણે કરસનજીભાઈએ ગુણાતીતાનંદ સ્વામીની સેવાનો આ અમૂલ્ય લહાવો લઈ લીધો.

કરસનજીભાઈ તથા હરજીવનભાઈને સ્વામીએ આજ્ઞા કરી હતી કે 'તમે રાજકોટ જાવ. ત્યાં યજમાનવૃત્તિ કરવી. મહારાજ તમારો વહેવાર ચલાવશે.'

આ પ્રમાણે આજ્ઞા થવાથી બંને ભાઈઓ રાજકોટ આવીને સ્થિર થયા. તે પહેલાં સ્વામીની આજ્ઞાથી જૂનાગઢ લહિયા તરીકે સેવા કરી હતી તેમજ ઊનાના મંદિરમાં ઠાકોરજીની સેવા પણ તેમણે કરી હતી.

કરસનજીભાઈને ત્રણ પુત્રો હતા : વૈજનાથભાઈ, માધવલાલભાઈ તથા મોહનભાઈ. રાજકોટના મંદિરમાં તેઓ સવાર-સાંજ નિયમિત કથાવાર્તા કરતા. તેમની સબીજ અને સર્વદેશી વાતો સાંભળી સૌને અતિશય આનંદ થતો. તેથી જૂનાગઢના મોટા મોટા સદ્‌ગુરુઓ પણ તેમનો મહિમા સમજતા અને પ્રેમથી તેમની પાસે વાતો કરાવતા. કરસનજીભાઈની વાતોમાં 'સ્વામી અક્ષર છે અને મહારાજ પુરુષોત્તમ છે' એવી અક્ષરપુરુષોત્તમની શુદ્ધ સમજણનો પ્રવાહ ચાલ્યો આવતો.

તેઓ અત્યંત ગરીબ પ્રકૃતિના હતા. કીડી જેવા જીવને પણ કોઈ દિવસ તેમણે દુખવ્યો નથી. તેમની અતિ પ્રિય સાખી હતી :

*'નાને સે હો નાને રહીએ, જૈસી નાની દૂબ;*
*ઘાસ ફીસ સબ ઊડ ગયા, દૂબ ખૂબકી દૂબ.'*

તેઓ સૌને સ્વામીસ્વરૂપ જોતા. પછી સત્સંગમાં કોઈની પણ આગળ માન કેમ રહે ? હંમેશાં દાસાનુદાસ થઈને રહેવાની શિખામણ તેઓ

સૌને આપતા.

હેતવાળા હરિભક્તો તરફથી અનેક પ્રકારની સહાય મળી શકતી હોવા છતાં સ્વામીની આજ્ઞાનુસાર તેઓ દરરોજ આઠ ઘેર ભિક્ષા માગવા જતા અને ઝોળીમાં જે કાંઈ આવે તેમાંથી દશાંશ ભાગ ઠાકોરજીને મંદિરમાં અર્પણ કરીને પછી જ ઘેર જતા અને રસોઈ કરીને જમતા. સૌ તેમને 'કૃષ્ણજી અદા'ના હુલામણા નામથી પણ બોલાવતા.

આ જ અરસામાં, શાસ્ત્રીજી મહારાજ રાજકોટમાં જીવણરામ શાસ્ત્રી પાસે ગીતાભાષ્યનો અભ્યાસ કરતા હતા. શાસ્ત્રીજી મહારાજનું અણિશુદ્ધ વર્તન અને બ્રહ્મજ્ઞાનનો પ્રભાવ જોઈ ગુણાતીત જ્ઞાનવાળા ઘણા હરિભક્તો અને યુવાનો તેમના તરફ ખેંચાયા.

શાસ્ત્રીજી મહારાજની વધતી જતી મહત્તા જોઈ, આ પ્રવૃત્તિ કેટલાક રાગ-દ્વેષયુક્ત સંત-હરિભક્તોને ન ગમી. સૌએ તેમનું અપમાન કરવાનો નિર્ધાર કર્યો. તેથી સર્વ હરિભક્તોએ ભેગા મળી 'શાસ્ત્રીજી મહારાજને રાજકોટ મંદિરમાં રહેવા ન દેવા જોઈએ' એવું નિવેદન તૈયાર કર્યું અને આગેવાન સંત-હરિભક્તો પાસે તેમાં સહી કરાવી.

આ પ્રસંગે કૃષ્ણજી અદા તથા બીજા ગુણાતીત જ્ઞાનવાળા હરિભક્તોએ મનમાં નક્કી કરી રાખ્યું હતું કે 'શાસ્ત્રીજી મહારાજનો આ પ્રસંગે દૃઢ પક્ષ રાખવો.'

આ ખરડામાં ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર શિષ્ય હિમરાજભાઈએ સહી કરી. હિમરાજભાઈનું વર્ચસ્વ રાજકોટ સત્સંગ મંડળમાં સારું હતું; પરંતુ હિમરાજભાઈએ શાસ્ત્રીજી મહારાજને મંદિરમાંથી કાઢવા માટેના ખરડામાં સહી કરી છે, એટલી જાણ થતાં જ કૃષ્ણજી અદાએ પોતાના ગુરુભાઈ અને અત્યંત સ્નેહી હિમરાજભાઈ સાથેનો સંબંધ સદાને માટે કાપી નાખ્યો. જીવનભર હિમરાજભાઈનું મોઢું તેમણે જોયું નહિ. કૃષ્ણજી અદા ગરીબ પ્રકૃતિના હોવા છતાં ભગવાનના ભક્તનો પક્ષ રાખવામાં કેવા શૂરવીર હતા તે આ પ્રસંગથી આપણને જણાય છે.

શાસ્ત્રીજી મહારાજ પણ કૃષ્ણજી અદાનો એવો અપાર મહિમા સમજતા હતા. રાજકોટમાં રહ્યા એ દરમિયાન જે હરિભક્ત પોતાની પાસે આવે તેમને જૂનાગઢ સ્વામી જાગા ભક્તનાં દર્શન કરવા મોકલતા અને 'રાજકોટમાં

કૃષ્ણજી અદાને ઘેર દરરોજ જવું ને વાતો સાંભળવી' એવો નિયમ પણ આપતા. અદા પણ પોતાને ત્યાં આવતા હરિભક્તોને શાસ્ત્રીજી મહારાજનો મહિમા સમજાવતા ને કહેતા : 'આજે શાસ્ત્રીજી મહારાજ જેવા ત્યાગી સાધુ બેય દેશમાં નથી. સો માથાં જતાં કરીને પણ શાસ્ત્રીજી મહારાજનો પક્ષ રાખવો જોઈએ એવા એ સાધુ છે.'

આ રીતે કૃષ્ણજી અદા વયોવૃદ્ધ અને સત્સંગમાં વડીલ હોવા છતાં સર્વ હરિભક્તોને શાસ્ત્રીજી મહારાજની વાત કરી, સાચી દિશા બતાવતા હતા.

શાસ્ત્રીજી મહારાજનો પક્ષ રાખવા સારુ મંદિરે બહાર પાડેલ નિવેદનમાં કૃષ્ણજી અદાએ સહી ન કરી. આ પ્રસંગ પછી જૂનાગઢથી વિજ્ઞાનદાસ સ્વામી, યોગીજી મહારાજ વગેરે સાત સાધુ સાથે નીકળ્યા ને તે મંડળ રાજકોટ કૃષ્ણજી અદાને ઘેર આવ્યું. શાસ્ત્રીજી મહારાજના મંડળમાં ભળવા આ સંતમંડળ જઈ રહ્યું હતું અને તેમને અદાનો સાથ હતો એ જાણી, અદાને રાજકોટના મંદિરમાં આવવાની બંધી હતી.

આવી આજ્ઞા જાહેર થતાં કોઈ ત્યાગી સાધુ કૃષ્ણજી અદાને ત્યાં જઈ શકતા નહિ. અદા દરરોજ ઘેર જ કથા કરતા. તેમના અંતરમાં તો એવો જ ભજન-ભક્તિનો કેફ વર્તતો હતો.

એક વખત જૂનાગઢથી બાળમુકુંદદાસ સ્વામી મંડળ સહિત રાજકોટ પધાર્યા હતા. ગુણાતીત જ્ઞાનના સમર્થક બાળમુકુંદ સ્વામી કૃષ્ણજી અદાને મળ્યા વિના કેમ રહી શકે ? બધાનો વિરોધ હોવા છતાં તેઓ પાંચ સંતો સાથે લઈ કૃષ્ણજી અદાને ત્યાં પધાર્યા ને તેમને મળીને અતિશય આનંદ પામ્યા. ઘણી વાર સુધી જૂની જૂની વાતો સંભારી પાછા મંદિરે પધાર્યા, પણ બાળ-મુકુંદદાસજીને કોઈ કાંઈ કહી શક્યું નહિ.

ત્યાગીઓ તરફથી અતિશય ઉપાધિ થતાં કૃષ્ણજી અદા જેવા મુક્તોની પ્રેરણાથી શાસ્ત્રીજી મહારાજે વરતાલ છોડ્યું. તેમણે સૌ પ્રથમ બોચાસણમાં મંદિર કરી અક્ષરપુરુષોત્તમની ધાતુની મૂર્તિઓ પધરાવી. પછી અદા પોતાના શિષ્યોને બોચાસણ જવા કહેતા : 'અક્ષરપુરુષોત્તમનું જે જ્ઞાન અત્યાર સુધી ખૂણિયું હતું તે હવે ચરોતરના ચોકમાં ગાજવા લાગ્યું છે. માટે જેને અક્ષર-પુરુષોત્તમની છડે ચોક વાત કરવી - સાંભળવી હોય તેણે બોચાસણ જવું.'

બોચાસણ મંદિરમાં અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓની પ્રતિષ્ઠા થયા પછી

સંવત ૧૯૬૫માં અદાની ઇચ્છાથી 'સ્વામીની વાતું'નું પારાયણ બોચાસણમાં ગોઠવવામાં આવ્યું. આ પ્રસંગે રાજકોટ વિભાગના તમામ હરિભક્તો બોચાસણ આવ્યા હતા. શાસ્ત્રીજી મહારાજ, નિર્ગુણ સ્વામી તથા કૃષ્ણજી અદાની વાતોથી સૌને અક્ષરધામનું સુખ આવતું.

આ સમૈયામાં વઢવાણથી નવા આવેલા ગોવિંદ ભગતે અદાની બહુ જ સેવા કરી ને પ્રસન્નતા મેળવી. અદાને શરીરે સહેજ કસર જેવું જણાતું હતું તેથી આણંદ દસ દિવસ રોકાયા. ગોવિંદ ભગતની અખંડ સેવાથી અદા તેમના ઉપર બહુ જ રાજી થઈ ગયા અને થોડા સમયમાં ઘણું સુખ તેમને આપી દીધું. આણંદ તથા આસપાસના હરિભક્તોને પણ કથાવાર્તા કરી ખૂબ રાજી કર્યા. ગુજરાતના હરિભક્તોનાં પ્રેમ અને સેવા તો અદા રાજકોટ ગયા પછી પણ વારે વારે સંભારતા.

અદાની પ્રેરણાથી વિજ્ઞાનદાસજી, યોગીજી મહારાજ વગેરે સાત સંતો જૂનાગઢથી રાજકોટ આવ્યા. અદાને મળ્યા. સારંગપુરથી શાસ્ત્રીજી મહારાજને પત્ર લખી તેડાવ્યા. 'જ્ઞાન-યજ્ઞ'નું મિલન એ ઐતિહાસિક પ્રસંગ હતો, જેમાં અદા પણ નિમિત્તરૂપ બન્યા હતા. 'જ્ઞાન-યજ્ઞ'ની જોડી આ પૃથ્વી ઉપર શુદ્ધ ઉપાસનાનો ડંકો મારવા જ પ્રગટ થઈ હતી, તેને લીધે અદાને અનેક ઉપાધિઓ આવી, પણ તે સર્વને તૃણવત્ ગણીને સૌને 'જ્ઞાન-યજ્ઞ'ની ઓળખાણ કરાવનાર અદાને સમગ્ર સત્સંગ કદી પણ ભૂલી શકશે નહિ.

હવે કૃષ્ણજી અદાને વૃદ્ધાવસ્થા જણાવા લાગી. સંવત ૧૯૬૯ની આખરમાં અદાએ ધામમાં જવાનો સંકલ્પ કર્યો અને શ્રાવણ માસમાં મંદવાડ ગ્રહણ કર્યો. તેમના સંકલ્પ પ્રમાણે સાત દિવસની પારાયણ ગોઠવી. ગુજરાતથી શાસ્ત્રીજી મહારાજ, નિર્ગુણદાસ સ્વામી તથા યોગીજી મહારાજને પણ તાર કરી તેડાવ્યા હતા. શાસ્ત્રીજી મહારાજને જોઈને જ અદા બહુ રાજી થયા અને કહ્યું : 'તમારી વાટ જોઈને બેઠો છું.'

પછી નાના જ્ઞાનજી સ્વામી (યોગીજી મહારાજ), જેમના તરફ તેમને પ્રથમથી પ્રેમ અને લાગણી હતી, તેમને નજીક બોલાવી માથે બે હાથ મૂક્યા અને કહ્યું : 'સ્વામી શાસ્ત્રીજી મહારાજનો સંગ રાખજો અને તે કહે તેમ કરજો.'

રાત્રે બે વાગે મંદિરેથી શાસ્ત્રીજી મહારાજ તથા સંતોને બોલાવ્યા.

'સ્વામી ! જય સ્વામિનારાયણ, હું ધામમાં જાઉં છું,' એમ કહી આસો સુદ ૧૧ને દિવસે દેહત્યાગ કરી, અદા અક્ષરધામમાં પધાર્યા.

શાસ્ત્રીજી મહારાજે આજી નદીને કિનારે અગ્નિસંસ્કાર કરવા માટે જગ્યા બતાવી. શ્રીજીમહારાજની પ્રસાદીનું જળ ત્યાં છાંટ્યું. તે પવિત્ર જગ્યાએ અદાનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો.

આજે તે સ્થળે દેરી છે. કૃષ્ણજી અદાનું સદાય સ્મરણ કરાવતી આ દેરી યાત્રિકો માટે તીર્થરૂપ બની ગઈ છે.

✧ ✧ ✧